Monday 23, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૧૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

## વાપીમાં ફાટક બંધ કરાતા જ પ્રજા ટ્રાફિકના વિકરાળ અજગર ભરડામાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૨ :** વાપીનો ૮૦ નંબરનો રેલવે ફાટક ટેકનિકલ કામગીરીને લઈ પાંચ દિવસ માટે બંધ કરાતા વાપીમાં ટ્રાફિકની ભારે સમસ્યા ઉભી થતી જોવા મળી સાથે વાહન ચાલકો ત્રાહિમામ પોકારતા જોવા મળ્યા તો અન્ય કોઈ વ્યવસ્થા પણ ન હોવાથી નગરજનો દ્વારા વહીવટી તંત્ર પર ફિટકાર વરસાવી રહ્યા છે.



પ્રાપ્ત વિગત મુજબ વાપી પૂર્વ અને પશ્ચિમમાં આવવા-જવા માટેનો એકમાત્ર રેલવે ઓવરબ્રિજને ઉતારી તેના સ્થળે નવો ફોરેન બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. જોકે ભારે વાહનોને જોવા આવવા-જવા માટે એકમાત્ર ૮૦ નંબરનો ફાટક હંગામી ધોરણે શરૂ કરવામાં આવ્યો હતો. પરંતુ તે ફાટકને ટેકનિકલ તેમજ રસ્તાની કામગીરી કરવાની હોવાથી રેલવે વિભાગ દ્વારા પાંચ દિવસ માટે બંધ કરવાની જાહેરાત કરતા જ આજે વાપીમાં ટ્રાફિકની ભારે સમસ્યા જોવા મળી હતી અને માત્ર નવું રેલ્વે અન્ડર બ્રિજમાંથી જ વાહનો અવર-જવર કરતા હોય જેને લઇ વહેલી સવારથી જ બંને તરફ વાહનોની લાંબી લાઈન લાગી જવા પામી હતી તો આ લાંબી લાઈનો નહેરું સ્ટ્રીટથી વાપીના મુખ્ય બજાર તેમજ રીંગરોડ અને જે-ટાઈપ તેમજ ગીતાનગર વિસ્તાર સુધી પહોંચી હતી. જેને લઈ વાહનચાલકો તેમજ સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારતા જોવા મળી રહ્યા હતાં. હાલમાં જો કોઈ અનિશ્ચિય બનાવ બને અને ૧૦૮ કે એમ્બ્યુલન્સ કોઈ દર્દીને લઈને હોસ્પિટલ પર જવું હોય તો ભારે મુશ્કેલીથી તેઓ પહોંચી શકે છે જોકે વાપી પૂર્વ અને પશ્ચિમમાં આવવા જોવા માટેની કોઈ વ્યવસ્થા નહીં હોવાથી વહીવટી તંત્ર દ્વારા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કર્યા બાદ જ રેલવે ઓવરબ્રીજ ઉતારવાની કામગીરી શરૂ કરવી જોઈતી હતી પરંતુ વાપીના વહીવટદારો તેમજ અધિકારીઓને પણ અનઆવડતને કારણે વાપીવાસીઓ ટ્રાફિકથી ત્રાહિમામ પોકારતા જોવા મળી રહ્યા છે. તો હાલમાં વાપી ટાઉનમાં તેમજ દમણ વિસ્તારમાં ભારે વાહનોએ આવવું હોય તો હાઈવેથી મોહન ગામ ફાટક અને બલિઠા ફાટક તેમજ ઉદવાડાના મોતીવાડા રેલવે ઓવર બ્રિજનો જ ઉપયોગ કરવો પડે છે. જેને લઇ વાહન ચાલકોને ભારે મુશ્કેલી થઈ રહી છે જે અંગે તાત્કાલિક વહીવટી તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા પણ કરે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

## રેલ્વે તંત્રએ આરપીએફ મેદાન પાસેનો રસ્તો ફરી બંધ કરી દીધો

### હવે માત્ર ટુ-વ્હીલર જ જઈ શકશે અન્યોને ચકરાવવો પડશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ-ધરમપુર રોડ પર આવેલ આરપીએફ મેદાન પાસેથી રેલવે યાર્ડ તરફ જતો રસ્તામાં રેલ્વે દ્વારા લોખંડની રેલિંગ લગાવતા માત્ર હવેથી બાઈકો જઈ શકશે જ્યારે કારચાલકોએ ફરીથી રેલવે સ્ટેશન થઈ જવાની ફરજ પડશે. અચાનક રેલવે વિભાગ દ્વારા આરપીએફ પાસેનો રસ્તો ફોર વ્હીલર માટે બંધ કરી દેવાતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.



વલસાડ શહેરના ધરમપુર રોડ પર આવેલા આરપીએફ મેદાન પાસેથી રેલવે યાર્ડ તરફનો એકમાત્ર રસ્તા પરથી ફોર વ્હીલર, થ્રી-વ્હીલર રીક્ષા રેલવે યાર્ડમાં જતી હતી. જોકે અગાઉ રેલવે વિભાગ દ્વારા વલસાડ વેસ્ટ રેલવે યાર્ડના તમામ રસ્તાઓ ઉપર દીવાલો તેમજ લોખંડની રેલિંગ લગાવી રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. એના કારણે વાહન ચાલકો ભારે પરેશાન થઈ ગયા હતાં અને એકમાત્ર આરપીએફ મેદાન પાસેથી રેલવે યાર્ડમાં જવાનો એકમાત્ર રસ્તો હતો જેને પણ ગઈકાલે રેલવે દ્વારા લોખંડની રેલિંગ લગાવી રસ્તો બંધ કરી દીધો હતો. રેલિંગ લગાવી રસ્તો બંધ કરતા આ રસ્તા પરથી માત્ર મોપેડ બાઈક જ જઈ શકશે. જ્યારે રીક્ષા કે કાર ચાલકોએ સ્ટેશન થઈ યાર્ડમાં જવાની ફરજ પડશે. અચાનક રેલ્વે દ્વારા આ રસ્તો બંધ કરી દેવામાં આવતા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## વલસાડમાં ગંગલી ખાડી પર શેડના મુદ્દે રોષ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ ગંગલી ખાડીના સ્લેબ નવયુગ યુવા શક્તિ મંડળએ ગત વર્ષે પતરા બાંધી શેડ બનાવવાના મામલે હાઈકોર્ટે પતરાનો સેડ દૂર કરવાનો હુકમ કરતા પાલિકાએ બાંધકામ કરેલા પતરાનો સેડ દૂર કરવા જતા મામલો ગરમાયો હતો. જોકે બાજુમાં જ બિલ્ડરે બિલ્ડીંગ બનાવી સેડ બનાવવાના મામલે બિલ્ડર સામે હાઈકોર્ટમાં જવાની તજવીજ હાથ કરવામાં આવી છે.

વલસાડ શહેરના એમ.જી. રોડ પર નાની ખત્રીવાડમાં પસાર થતી ગંગલી ખાડી પર નવયુગ યુવા શક્તિ મંડળ દ્વારા ૧૯૭૧થી ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપના કરતા આવ્યા છે. વલસાડ નગરપાલિકાની હદમાં આવતું ગંદુ તેમજ ડ્રેનેજનું ગંદુ પાણી સીધું ગંગલી ખાડીમાંથી પસાર થાય છે. મંડળ દ્વારા પહેલા ગંગલી ખાડી ઉપર લાકડાંનો માંચડો બનાવીને તેના પર તાડપત્રી નાંખી ગણેશજીની મુર્તિની સ્થાપના થતી આવી હતી. જોકે ભારે વરસાદ થતાં આ ગંગલી ખાડી પર સમસ્યા ઊભી થતી હોય છે. વેપારીઓ અને સ્થાનિક રહીશોના સહયોગથી વારે તહેવારે ઉજવણી થતી હોય છે. ગયા વર્ષે વલસાડ નગરપાલિકા દ્વારા આ ગંગલી ખાડી ઉપર સ્લેબ નાંખવામાં આવ્યો હતો. જે બાદ ગયા વર્ષે મંડળ દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં માટે પતરાનો શેડ બનાવવામાં આવ્યો હતો. ગંગલી ખાડી નજીક બે બિલ્ડીંગો બનાવી રહેલા બિલ્ડર દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હતું. નવયુગ મંડળે બનાવેલા પતરાનો શેડ ગેરકાયદેસર હોવા બાબતે હાઈકોર્ટમાં ઘા નાંખતા હાઈકોર્ટે આ ગેરકાયદેસર બાંધકામ દૂર કરીને તા.૨૩-૦૯-૨૪ની મુદત પડી તેમાં જવાબ રજુ કરવાનો આદેશ કર્યો હતો. જે અંતર્ગત મંડળને બાંધકામ દૂર કરવા તાકીદ કર્યા બાદ કોર્ટના આદેશ મુજબ ગેરકાયદે બાંધકામ દૂર કરવામાં આવ્યુ હતું. ગંગલી ખાડી પર પતરાનો શેડ દૂર કરવામાં આવતા સ્થાનિક રહીશો વેપારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જોકે સ્થાનિક રહીશોએ નવયુગ યુવાશક્તિ મંડળ દ્વારા ધાર્મિક ઉત્સવની ઉજવણી માટે બનાવવામાં આવેલા શેડ અંગે ફરિયાદ કરનાર બિલ્ડર દ્વારા તેની બિલ્ડીંગમાં પાછળના ભાગે ૫ જેટલી દુકાનો ગેરકાયદેસર રીતે તાણી બાંધી હોવા અંગે ગેરકાયદેસર બાંધકામ કરનારા બિલ્ડર વિરુદ્ધ હાઈકોર્ટમાં જવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## રોલા પાસે સ્ટંટ કરતા ૮ બાઈકર્સ સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડ નજીકના રોલા ગામે આવેલી ટેસ્ટી ટચ રેસ્ટોરંટ નજીક રોલા ને.હા. નં. ૪૮ના નવસારીથી વલસાડ તરફ જતા હાઈવે રોડ ઉપર ઈન્ડિયા બાઈક વિથ ચાય એન્ડ પકોડા રાઈડના સંચાલક દ્વારા હાઈવે ઉપર બાઈક સ્ટંટનું આયોજન કર્યું હોય જે અંગેનો વીડિયો વાયરલ થતાં ડુંગરી પોલીસે બાઈક ઉપર સ્ટંટ કરનારા આઠ સામે ગુનો નોંધતા સ્ટંટ કરનારા બાઈક ચાલકોમાં ફાફડાટ ફેલાઈ ગયો હતો.



વલસાડ નજીકના રોલા ગામે હાઈવે પર આવેલી રેસ્ટોરન્ટ નજીક રોલા હાઈવે પર નવસારીથી વલસાડ તરફ જતા હાઈવે રોડ ઉપર ઈન્ડિયા બાઈક વિથ ચાઈ એન્ડ પકોડા રાઈડના સંચાલક શિવમ પવાર દ્વારા સક્ષમ અધિકારીની પરવાનગી વગર બાઈક સ્ટંટ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. (અનુ. પેજ નં.૭ પર)


## વલસાડ-વાપીમાં ઝરમરિયો વરસાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૨ :** અઠવાડિયા બાદ આજરોજ વલસાડ પંથકમાં ઝરમરિયો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જોકે બિસ્માર બનેલા રોડ ઉપર નાંખવામાં આવેલી જીએસબીથી ઉડતી ધૂળની ડમરીથી વાહન ચાલકોને રાહત મળી છે.

આમ તો વલસાડ જિલ્લામાં ૧૦૦ ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. તેમ છતાં વલસાડ પંથકમાં વાહન ચાલકો અને લોકોને અસહ્ય ગરમીનો અહેસાસ લોકોને થઈ રહ્યો છે. તો બીજી તરફ વલસાડ જિલ્લા તેમજ વલસાડ પંથકમાં ભારે વરસાદ પડતાં ઠેર ઠેર રસ્તાઓ બિસ્માર બની ગયા હતાં. આ રસ્તા ઉપર જીએસબી નાંખવામાં આવ્યું હતું. જેના કારણે આખા રસ્તા પર ધૂળની ડમરીઓના કારણે વાહન ચાલકો રાહદારીઓ પરેશાન થઈ ગયા હતાં. ત્યારે આજરોજ સવારે વલસાડ પંથકમાં છુટો છવાયો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી અને રોડ પર નાંખવામાં આવેલી જીએસબીથી ઉડતી ધૂળની ડમરીએ વાહન ચાલકોને મોટી રાહત મળી છે.







દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન
કરવા માટે
વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

**જોઈએ છે**

હેવી લાયસન્સ ધરાવતા અને પાંચ વર્ષ સુધીનો અનુભવી ડ્રાઈવર જોઈએ છે.

Contact - 9574287476

**ફ્લેટ વેચવાનો છે**

આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ
નેપ્યુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.
૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ
ફર્નિચર સાથે

મો.નં. - 98252 68389

## પારડી પાલિકામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** પારડી નગરપાલિકામાં દસમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ યોજનાઓનો લાભાર્થીઓએ લાભ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા દસમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ પારડી નગરપાલિકા ખાતે વહીવટદાર અને મામલતદાર કિરણસિંહ રાણા અને સીઓ બીબી ભાવસારના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. વ્યક્તિલક્ષી પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ એક જ સ્થળે અને ઝડપી થાય તે માટે આયોજન કરવામાં આવે છે. આ અંગે પાલિકાના ચીફ ઓફિસર બી.બી. ભાવસાર એ જણાવ્યું હતું. કે પારદર્શિકતા વધે તેવા આશયથી સેવા સેતુ કાર્યક્રમમાં ૫૫ જેટલી સેવા લાભાર્થીઓ માટે ઉપલબ્ધ કરવામાં આવી હતી જેમાં વિધવા સહાય યોજના, વૃદ્ધ સહાય યોજના, રેશનકાર્ડમાં નામ દાખલ કરવું કમી કરવું, PMJY આયુષ્માન કાર્ડ યોજના, આરોગ્ય લક્ષી યોજના વગેરે યોજના નો એક જ સ્થળે લાભાર્થીઓએ લાભ લીધો હતો પારડી પાલિકાના માજી સદસ્ય રાજેશભાઈ પટેલ કેતન ભાઈ પ્રજાપતિ વગેરેના હસ્તે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. આ સાથે સેવા સેતુ કાર્યક્રમમાં સામાજિક વનીકરણ વિભાગ વલસાડ રેન્જ પારડી દ્વારા વિનામૂલ્યે રોપા વિતરણ કરવામાં આવ્યાં હતા.



### વાંસદાની વન વિદ્યાલય આંબાબારી શાળાનું ગૌરવ

વાંસદાની વન વિદ્યાલય આંબાબારી શાળાનું ગૌરવ, વનવાસી વિકાસ મંડળ વઘઈ સંચાલિત વન વિદ્યાલય આંબાબારી ની વાલઝર હાઈસ્કુલ માં યોજાયેલ વિજ્ઞાન મેળામાં વિભાગ ૧ ખોરાક આરોગ્ય અને સ્વચ્છતા માં રજૂ થયેલી કૃતિ રંગ થેરાપી તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમે આવી હતી શાળાના શિક્ષિકા ખુશ્બુબેન રાઠોડ તથા મનીષાબેન આર ઠાકોર તથા બાળ વૈજ્ઞાનિકો ખુશી કુમારી ગારીયા તથા સલોની કુમારી ગાવિતને શાળાના આચાર્ય જયંતભાઈ વી પટેલ તથા તમામ શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

## સાપુતારા ફરવા આવેલા વિદ્યાર્થીનીઓનાં ગુમ થયેલા પર્સ-મોબાઈલ પોલીસે શોધી આપ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૨ :** ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ. પટેલ તથા પી.એસ.આઈ. ડી.પી. ચુડાસમાની ટીમે શનિરવીની જાહેર રજાઓમાં સાપુતારા ખાતે આવતા પ્રવાસીઓને કોઈ અગવડતા ન પડે તે માટે પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. તે દરમ્યાન સાપુતારાનાં ટેબલ પોઈંટ ખાતે પોહચતા મહારાષ્ટ્રનાં માલેગાવ નાસિકથી સ્કૂલ પ્રવાસમાં આવેલ બે વિદ્યાર્થીનીઓના પર્સ અને મોબાઈલ ગુમ થયાની રજુઆત મળી હતી. જેથી સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર. એસ. પટેલ દ્વારા તાત્કાલિક ધોરણે ગુમ થયેલ મોબાઈલ અને પર્સની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સાપુતારા ટેબલ પોઈન્ટ ઉપર માલેગાવ ગર્લ્સ હાઈસ્કુલ (મહારાષ્ટ્ર)ની વિદ્યાર્થીનીઓ પ્રવાસ અર્થે આવી હતી. ત્યારે મોબાઈલ ફોન જેમા રેડમી નોટ ૯ પ્રો જેની કિંમત રૂપિયા ૧૫ હજાર તથા રીઅલમી 11X જેની કિંમત રૂપિયા ૧૦ હજાર આમ બન્ને મોબાઈલ ફોન તથા પર્સ ટેબલ પોઈન્ટ પર કયાંક ગુમ થઈ ગયા હતા. જે અંગેની સાપુતારા પોલીસને જાણ કરવામાં આવતા સાપુતારા પોલીસની ટીમે તાત્કાલિક ધોરણે ટેકનીકલ સોર્સનાં આધારે પર્સ સહિત બન્ને મોબાઈલ ફોન શોધી કાઢયા હતા અને વિધ્યાર્થીનીઓને પરત કર્યા હતા.ત્યારે સ્કુલ મેનેજમેન્ટ તથા વિદ્યાર્થીનીઓએ ડાંગ જિલ્લા પોલીસ તથા સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ. પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

અહી મહારાષ્ટ્રની વિદ્યાર્થીનીઓ સહિત સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા ગુજરાતની ડાંગ પોલીસની કામગીરી બિરદાવતા જણાવ્યુ હતુ કે, મહારાષ્ટ્રમાં કોઈ વસ્તુ ખોવાઈ જાય તો તુરંત જ મળતી નથી. જેમાં અમોએ અહી રજુઆત કરતાની સાથે જ સાપુતારા પોલીસની ટીમે અમોને હકારાત્મક જવાબ આપી સંવેદના દાખવી હતી.

સાથે સાપુતારા પોલીસની ટીમે ગણતરીનાં કલાકોમાં જ મોબાઈલ અને પર્સ શોધી આપી કાયદા અને વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયુ છે અને પોલીસની કામગીરી બિરદાવી હતી.

## નાહુલીમાં ૯ ફૂટ લાંબા અજગરનું રેસક્યૂ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** ઉમરગામ તાલુકાના નાહુલી ગામમાં આવેલ ગોદડ ફળિયામાંથી રાત્રીના ૨ વાગ્યે મરઘીના શિકાર માટે આવેલ ૯ ફૂટ લાંબા અજગરનું લાઈફ રેસ્ક્યુ ફાઉન્ડેશન ના વર્ધમાન શાહ દ્વારા મહા મહેનતે રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોદળ ફળિયામાં રહેતા અશોક પટેલની ઘરની પાસે બનાવેલ મરઘીના પાંજરા ઉપર એક વિશાળકાય અજગર મરઘીના શિકાર માટે આવી ચઢ્યો હતો જેથી મરઘીનો અવાજ સાંભળી ઘરના લોકો જાગી ગયા હતા અને પાંજરા ઉપર નજર કરતા એક વિશાળકાય સાંપ દેખાતા તેઓ ગભરાઈ ગયા હતા.

બુમાં બૂમ કરતા આસપાસના લોકો પણ સ્થળ પાસે પહોંચી ગયા હતા, જોકે મોડી રાતે વાપીની લાઈફ રેસ્ક્યુ ફાઉન્ડેશન સંસ્થાના સંસ્થાપક વર્ધમાન શાહને આ વિશે માહિતી આપતા તેઓ સ્થળે પહોંચી અજગરને સુરક્ષિત રેસ્ક્યું કરી નજીકમાં વન્ય ક્ષેત્રે છોડી દેવામાં આવ્યો હતો.

## આહવાનાં જાખાના ગામે મોટરસાયકલ સાથે જંગલી ભૂંડ ટકરાતા ચાલક ઈજાગ્રસ્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૨ :** ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં સમાવિષ્ટ રાનપાડા ગામનાં રહેવાસી વાળ્યાભાઈ મોતિરામભાઈ પવાર તેઓની મોટરસાયકલ. ન. જી.જે. સી. ૦૫૫૧ પર સવાર થઈ બિલમાળ ગામ નજીક શ્રી સંપ્રદાયની ધાર્મિક આરતીમાં ભાગ લેવા માટે જઈ રહ્યા હતા. તે વેળાએ શામગહાનથી આહવાનો જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં જાખાના ગામ નજીકનાં જંગલ વિસ્તારમાંથી અચાનક જ એક જંગલી ભૂંડ માર્ગ પર દોડી આવી આ મોટરસાયકલ સાથે અથડાતા ઘટના સ્થળે મોટરસાયકલ ચાલક ફંગોળાઈને પડી જતા તેના શરીરનાં ભાગે ગંભીર ઈજાઓ પોહચી હતી. જોકે સ્થળ પર કદાવર જંગલી ભૂંડ મોટરસાયકલ સાથે અથડાયા બાદ જંગલમાં નીકળી ગયું હતું. આ બનાવમાં મોટરસાયકલ ચાલક વાળ્યાભાઈ પવારને શરીરનાં ભાગે ગંભીર ઈજાઓ પોહચતા તેઓને તાત્કાલીક સારવારનાં અર્થે -થમ શામગહાન સી.એચ.સીમાં ખસેડાયા હતા. બાદમાં આ ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે આહવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

### દમણગંગા ટાઈમ્સ

### NEWS — CORPORATE NEWS

## RE-INVEST એક્સપોમાં વારી એનર્જીસના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર હિતેશ દોશીને સન્માનપત્ર

**સુરત, તા. ૨૨ :** સોલર પીવી મોડ્યુલ્સની ભારતની સૌથી મોટી ઉત્પાદક અને ૩૦ જૂન, ૨૦૨૩ના રોજ ૧૨ ગિગાવોટની સ્થાપિત ક્ષમતા ધરાવતી (સ્ત્રોતઃ ક્રિસિલ રિપોર્ટ) વારી એનર્જીસ લિમિટેડને ૧૬થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ગાંધીનગરમાં યોજાયેલ ચોથી ગ્લોબલ રિન્યૂએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સપો (RE-INVEST) દરમિયાન સન્માનપત્ર મળ્યું છે.

આ સન્માન અંગે પ્રતિક્રિયા આપતા વારી એનર્જીસ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર હિતેશ ચીમનલાલ દોશીએ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી દ્વારા આ એવોર્ડ મેળવવો એ સન્માનની વાત છે અને હું આ સન્માનનો શ્રેય અમારા સમગ્ર વારી ગ્રુપના કર્મચારીઓના સામૂહિક પ્રયાસોને આપું છું. આ સિદ્ધિ દેશમાં પુનઃવપરાશી ઊર્જાના હેતુ માટે સતત પ્રદાન આપવાના અને વૈશ્વિક ટકાઉ ક્ષેત્રે એક અગ્રણી દેશ તરીકે ઊભરી આવવા માટે આપણા દેશના પ્રયાસોને વેગવંતા બનાવવાના અમારા નિર્ધારમાં ઉમેરો કરે છે.

## દમણ રેડિયો

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરીત માણસ ગાન, ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી), ૯.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- (અમદાવાદ-વડોદરા પરથી કાર્યક્રમો), ૦૧.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** (દમણથી)૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૬.૫૫ પ્રાદેશિક સમાચાર, ૭.૧૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ - દમણથી કિસાનવાણી, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર સંધ્યા દિલ્હીથી, ૮.૩૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૧.૦૦ હિન્દી સમાચાર ૧૧.૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ સભા સમાપન

## નવસારીમાં ભાજપાના સદસ્યતા અભિયાન અંતર્ગત કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૨૨ :** સમગ્ર ભારત દેશમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સદસ્યતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે જેમાં ભાજપા પ્રાથમિક સભ્યોની નોંધણી કરી રહી છે.આ અભિયાન અંતર્ગત કાર્યકર્તાઓને સચોટ માર્ગદર્શન પૂરું પાડવા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા નવસારી ભારતીય જનતા પાર્ટી કાર્યાલય કમલમ ખાતે ઉપસ્થિત રહયા હતા. કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ કાર્યકરોને સંબોધી સ્વદેશ્યતા અભિયાનમાં વધુને વધુ લોકોને જોડી ભારતીય જનતા પાર્ટીને ફરી એકવાર વિશ્વની સૌથી મોટી પાર્ટી બનાવવા માટે અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં સદસ્યતા અભિયાનના પ્રદેશ સહ ઈન્ચાર્જ અને નિઝરના ધારાસભ્ય જયરામભાઈ ગામીત દક્ષિણ ઝોનના ઈન્ચાર્જ કિશોરભાઈ બિંદલ, નવસારી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ભુરાભાઈ શાહ, નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ પરેશભાઈ દેસાઈ, નવસારી જિલ્લા સદસ્યતા અભિયાનના ઈન્ચાર્જ અશોકભાઈ ગજેરા અને પાર્ટી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.




### આજનું પંચાગ

**તા.** ૨૩-૦૯-૨૦૨૪, **વારઃ** સોમવાર, **તિથિઃ** છઠ્ઠ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૦૪ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૪ **ચંદ્રરાશિઃ** વૃષભ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે તમારો મિજાજ ફૂલફટાક હોવા છતાં આજે જે તમારી સાથે હાજર નથી રહી શક્યું તેની ખાય તમને સાલશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે?

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે.

## સેવા ધર્મ જ અસલ ભક્તિ છે

**પ્રાસંગિક**

એક શહેરમાં અમીર શેઠ રહેતા હતા.તે ઘણી ફેક્ટરીઓના માલિક હતા.એક રાત્રિએ તેમને અચાનક બેચૈની થવા લાગી.ડાૅકટરને બોલાવવામાં આવ્યા અને તમામ પ્રકારની તપાસ કરવામાં આવી આમ હોવાછતાં કોઇ બિમારી ના નીકળી અને રાત્રે તેમની બેચૈની વધતી ગઇ.તેમને સમજમાં આવતું ન હતું કે આમ કેમ થાય છે? ઉંઘની ગોળીઓ ખાધી છતાં ઉંઘ આવતી નથી અને બેચૈની વધતી ગઇ.

મોડી રાત્રે ત્રણ વાગે તેઓ ઘરના બગીચામાં ફરવા લાગ્યા.ફરતાં ફરતાં તેમને લાગ્યું કે બહારનું વાતાવરણ ખુશનુમા છે તો રોડ ઉપર ચાલવા માટે નીકળી પડ્યા. ચાલતાં ચાલતાં હજારો વિચારો મનમાં ચાલતા હતા. હવે તે ઘરથી ઘણા દૂર નીકળી ગયા હતા અને થાક લાગતાં તે એક ચબૂતરા ઉપર બેસી ગયા.ચબૂતરા ઉપર બેસતાં તેમને થોડી શાંતિ મળી તેથી ત્યાં જ આરામથી બેસી ગયા. એટલામાં એક કૂતરો આવ્યો અને તેમની ચપ્પલ લઇને ભાગ્યો. શેઠ બીજો ચપ્પલ હાથમાં લઇને કૂતરાની પાછળ ભાગ્યા.

કૂતરો નજીકમાં આવેલી એક ઝુંપડપટ્ટીમાં પેસી ગયો.શેઠ કૂતરાની પાછળ પાછળ જાય છે.શેઠને આવતા જોઇને ચપ્પલ ત્યાં જ છોડીને ચાલ્યો જાય છે. શેઠે રાહતનો શ્વાસ લીધો અને પોતાની ચપ્પલ પહેરી લીધી, એટલામાં તેમને કોઇના રડવાની અવાજ સાંભળી. નજીક ગયા તો ઝુંપડીમાંથી રડવાની અવાજ આવી રહી હતી.

શેઠે ઝુંપડીની તૂટેલી દિવાલના કાણામાંથી જોયું તો ત્યાં એક સ્ત્રી કે જેના કપડા ફાટેલા છે અને મેલી ચાદર ઓઢેલી છે તે દિવાલ સાથે માથું મુકીને રડી રહી હતી.રડતાં રડતાં તે બોલી રહી હતી કે હે ભગવાન ! મને મદદ કરો. શેઠ વિચાર કરે છે કે અહીથી ચાલ્યો જાઉં કારણ કે કોઇ મારા વિશે ખરાબ ના વિચારે.ત્યાં જ તેમના દિલમાં વિચાર આવ્યો કે આ સ્ત્રી કેમ રડી રહી હશે? તેને શું તકલીફ હશે? અને તેમને પોતાના દિલની વાત સાંભળી નજીક જઇ દરવાજો ખટખટાવ્યો. તે સ્ત્રીએ દરવાજો ખોલ્યો અને બહાર શેઠને જોઇને તે ગભરાઇ જાય છે. ત્યારે શેઠે હાથ જોડીને કહ્યું કે તમે ગભરાશો નહી. મારે તો એટલું જ જાણવું છે કે આપ કેમ રડી રહ્યા છો?

સ્ત્રીની આંખોમાંથી આંસૂ ટપકી રહ્યા હતા અને તેને પોતાની પાસેની ગોદડીમાં લપેટેલી સાત-આઠ વર્ષની બાળકીની તરફ ઈશારો કર્યો અને રડતાં રડતાં કહ્યું કે મારી બેબી ઘણી જ બિમાર છે અને તેના ઈલાજ માટે ઘણો ખર્ચ થશે. હું તો લોકોના ઘરોમાં કચરા-પોતા કરીને અમારૂં ગુજરાન ચલાવીએ છીએ. હું આ બાળકીનો ઉપચાર કેવી રીતે કરી શકું?

શેઠે કહ્યું કે તો કોઇની પાસેથી પૈસા માંગો. ત્યારે તે સ્ત્રી કહે છે કે હું જે ઘરોમાં કામ કરૂં છું તે તમામ પાસે માંગી જોયું પરંતુ કોઇ મદદ કરવા તૈયાર નથી. ત્યારે શેઠ કહે છે કે શું રડવાથી પૈસા મળી જશે? ત્યારે પેલી સ્ત્રી કહે છે કે ગઇકાલે એક સંત અહીથી જઇ રહ્યા હતા તેમને મેં મારી સમસ્યા બતાવી તો તેમને કહ્યું કે બેટા.. તમે સવારે ચાર વાગે ઉઠીને ઈશ્વર પ્રભુ પરમાત્મા પાસે માંગજો. કોથળો પાથરીને બેસી જાઓ અને રડીને ગદગદ કંઠે તેમની પાસે મદદ માંગો, તે બધાની પ્રાર્થના સાંભળે છે તે તમારી પ્રાર્થના પણ સાંભળશે.

મારી પાસે આના સિવાય કોઇ ઉપાય નથી એટલે હું પ્રભુ પરમાત્મા પાસે માંગી રહી છું તેમ કહીને તે ઘણા જ જોરજોરથી રડવા લાગી. તેના કરૂણ રૂદનથી શેઠનું દિલ પિગળી જાય છે અને તેમને તરત જ ફોન કરીને એમ્બ્યુલન્સ બોલાવી અને તે બાળકીને હોસ્પિટલમાં ભરતી કરાવી દીધી. ડાૅકટરે દોઢ લાખ રૂપિયાનો ખર્ચનો અંદાજ આપ્યો તો શેઠે થનાર તમામ ખર્ચની જવાબદારી સ્વીકારી અને બાળકીનો ઈલાજ કરાવ્યો. દિકરીના સારા થઇ ગયા પછી શેઠે તે સ્ત્રીને પોતાને ત્યાં નોકરીમાં રાખી લીધી અને સર્વન્ટ કવાૅટરમાં રહેવાની તથા દિકરીના ભણાવાની જવાબદારી લીધી.

શેઠ કર્મપ્રધાન તો હતા પરંતુ નાસ્તિક હતા. હવે તેમના મનમાં અનેક પ્રશ્નો ઉઠી રહ્યા હતા. દિકરીને હોસ્પિટલ લઇ જવા એમ્બ્યુલન્સ બોલાવી તે જ સમયે તેમની બેચૈની દૂર થઇ ગઇ હતી. શેઠ વિચાર કરી રહ્યા હતા કે એવી કંઇ શક્તિ છે કે જે મને અહી સુધી ખેંચી લાવી હતી? શું આ જ ઈશ્વર તત્વ છે? અને જો આ જ ઈશ્વર હોય તો સમગ્ર સંસાર અંદરોઅંદર ધર્મ,નાત-જાતના ઝઘડા કરી રહ્યો છે કારણ કે મેં તે સ્ત્રીની નાત-જાત પુછી જ નથી અને ઈશ્વરની પણ જાત-પાત જોઇ નથી.

**તન, મન અને ધનથી પરમાત્માની સેવા કરો. તનથી સેવા કરશો તો શરીરનું દેહાભિમાન ઓછું થશે. ધનથી સેવા કરશો તો ધન પરની મમતા ઓછી થાય છે. મોહ ઓછો થાય છે. મનથી સેવા કરશો તો પાપ બળશે. મન પવિત્ર થશે,હૃદય પીગળશે અને મનને શાંતિ મળશે**

બસ..ઈશ્વરે આ સ્ત્રીનું દર્દ જોયું અને મને આટલો ઘુમાવી ફેરાવીને તેના સુધી પહોંચાડી દીધો. હવે શેઠ સમજી ચુક્યા હતા કે કર્મની સાથે સેવા પણ કેટલી જરૂરી છે કારણ કે આટલી શાંતિ તેમને ક્યારેય મળી નહોતી જેટલી શાંતિ દિકરીના ઉપચાર અને મા-દિકરીના પાલન પોષણની જવાબદારી લીધા બાદ મને મળી છે. માનવ અને -ાણી માત્રની સેવાનો ધર્મ એ જ અસલી ભક્તિ છે.જો ઈશ્વરની કૃપા મેળવવા ઈચ્છતા હો તો માનવતાને અપનાવીએ અને સમય-સમય ઉપર તેમની મદદ કરવી જોઇએ જે લાચાર છે,બેબસ છે કારણ કે ઈશ્વર પ્રભુ પરમાત્મા તેમની આસપાસ જ રહે છે.

જો અમારી ભક્તિ પૂજા પાઠ સુધી સિમિત ના હોય તો ચોક્કસ અમે અમારૂં માનવીય સ્વરૂપ જોઇ શક્યા હોત. માનવ પૂજા તો ભગવાનની કરે છે પરંતુ તેમના આદર્શ માનતા નથી. ભગવાન શ્રી રામ શબરીના આશ્રમમાં સામેથી ગયા પરંતુ આજે અમે જાતિઓની દિવાલ મોટી કરી રહ્યા છીએ.

જો માનવ માનવની ગોંદમાં જન્મ લઇને માનવની સેવા ન કરી શકે તો તે ભગવાનની સેવા કેવી રીતે કરી શકવાનો છે..? પરમાત્મા એક જ છે. જ્યારે અમે ભગવાન-રામ અને ખુદાને એક જ માનીએ છીએ તો તેમનો પરીવાર અલગ કેવી રીતે હોઇ શકે..? જ્યારે અમે એકને જાણીશું તો જ એકતા સંભવ છે. ભગવાનને જાણ્યા પછી જ આપણામાં દૈવી ગુણોનો પ્રવેશ થાય છે. પ્રાણીમાત્રમાં સર્વવ્યાપી પરમાત્માનો અનુભવ કર્યા પછી જ દ્રેતની ભાવના દૂર થાય છે,પોતાપણાનો ભાવ જાગે છે, પ્રેમ ઉત્પન્ન થાય છે,તમામની સેવા કરવાની પ્રેરણા મળે છે.

પ્રાણીઓની ઉપર જન્મજ-જન્માંત્તરના કર્મોની વાસના ભરેલી પડી છે,તેથી હંમેશાં સત્કર્મો કરવાની ચેષ્ટા કરવી જોઇએ. તમામ પ્રાણીઓમાં પ્રભુ પરમાત્માનો વાસ છે, આવો નિ?ય કરીને તમામની સેવા કરવાથી શરીર પવિત્ર બની જાય છે, દાન આપવાથી ધન પવિત્ર બની જાય છે અને પ્રભુ પરમાત્માનું ભજન કરવાથી અંતઃકરણ નિર્મળ બની જાય છે.

સેવા કાર્ય ફક્ત સેવા ભાવથી જ કરો.સેવા કાર્યમાં જ્યારે અહમ્ તથા કર્તાભાવ આવી જાય છે ત્યારે સુખ-આનંદ મળતાં નથી. વસ્તુનું મહત્વ નથી પણ ભાવની મહત્તા છે. સેવા કરતા રોમાંચ થાય, સેવા કરતા આંખમાં આંસુ આવે તે સેવા સાચી. સેવા ક્રિયાત્મક હોવી જોઈએ. સેવા કરતા આનંદ આવવો જોઈએ.

આ ત્રણ વસ્તુઓ ભગવાનને આપવી જોઈએ. તન, મન અને ધનથી પરમાત્માની સેવા કરો. તનથી સેવા કરશો તો શરીરનું દેહાભિમાન ઓછું થશે. ધનથી સેવા કરશો તો ધન પરની મમતા ઓછી થાય છે. મોહ ઓછો થાય છે. મનથી સેવા કરશો તો પાપ બળશે. મન પવિત્ર થશે,હૃદય પીગળશે અને મનને શાંતિ મળશે. ભગવાન કહે છે કે તમે એક કામ કરો તો હું તમારૂં રક્ષણ કરીશ. રોજ તમે એક કલાક નિયમપૂર્વક મારાં સેવા-સુમિરણ-સત્સંગ કરશો તો પછી બાકીના ત્રેવીસ કલાક હું તમારૂં ધ્યાન રાખીશ.

**આલેખનઃ**
**વિનોદભાઇ માછી નિરંકારી**

# ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ દાનહની એક દિવસીય મુલાકાતે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૨:** સાયલી હેલિપેડ પર ઉતરાણ કરી નમો મેડિકલ કોલેજની મુલાકાત લીધી હતી. નમો મેડિકલ કોલેજથી ઉપરાષ્ટ્રપતિનો કાફલો રીંગ રોડ ઓવરબ્રિજ નીચે નવનિર્મિત ગેમિંગ ઝોનની મુલાકાત લીધી. ત્યારબાદ ડોકમરડી ખાતે ડો.એ.પી.જી અબ્દુલ કલામ કોલેજના ઓડિટેરયમ હોલમાં નાગરિક અભિવાદન અને આદિવાસી સંસ્કૃતિ આધારિત નૃત્ય અને કલા કાર્યક્રમ નિહાળ્યો હતો. આ પ્રસંગે પ્રસાસક પ્રફુલ્લ પટેલે આવાકરી સ્મૃતિ ચિન્હ ભેટ આપ્યું હતું.

સાસંદ કલાબેન ડેલકરે ધનખડનું સ્વાગત કરી સ્મૃતિભેટ આપી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો, સેલવાસ નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ, પૂર્વ પ્રમુખ રાકેશસિંહ ચૌહાણે સ્વાગત કર્યું હતું.

ઉપરાષ્ટ્રપતિએ એમના વક્તવ્યમાં પ્રદેશના વિકાસ કાર્યોની સરાહના કરી ખુશી વ્યકત કરી હતી. ભારતને મહાસત્તા બનતા કોઈ રોકી શકે નહીં એમ જણાવ્યું હતું.

# દમણ-સેલવાસના ઉદ્યોગકારો સાથે ઉપરાષ્ટ્રપતિએ બેઠક કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે દમણ અને દમણના ઉદ્યોગકારો સાથે ઔપચારિક બેઠક યોજી હતી. તેમની સાથે રાજયના પ્રશાસક પ્રફુલ પટેલ પણ હાજર હતા. મીરાસોલ ખાતે યોજાયેલી બેઠકમાં દમણ અને સેલવાસના મુખ્ય ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ તેમને મળ્યા હતા. સભાને સંબોધતા તેમણે કહ્યું કે દમણ સેલવાસમાં અનેક ઉદ્યોગો છે, જો ઉદ્યોગોનો વિકાસ થશે તો ભારતનો વિકાસ વધશે. ભારત મજબૂત બનશે. દેશ આર્થિક રીતે મજબૂત બને તે માટે આપણે આપણી સાથે સાથે દેશની પ્રગતિ માટે કામ કરવું પડશે. ઉદ્યોગો માટે પણ ઘણી યોજનાઓ બનાવવામાં આવી છે. આ બેઠકમાં દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સભ્યો તેમજ ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સેલવાસમાં હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઑફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ખાતે ફ્રેશર્સ ઈવનિંગ યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૨:** હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઑફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચએ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ફ્રેશર્સ ઇવ ઇન્ટ્રોડ્યુસિંગ-૨૦૨૪માં વિદ્યાર્થીઓના નવા બેચને આવકારવા માટે એક ભવ્ય સમારંભનું આયોજન કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપપ્રાગટ્યથી થઈ હતી. જેમાં મુખ્ય મહેમાન ફતેહસિંહ ચૌહાણ, વિશેષ અતિથિ અને ઉપપ્રમુખ એ.ડી. નિકમ અને લાયન્સ કલબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટના સેક્રેટરી કુલદીપસિંહ મુન્દ્રાએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સ્વાગત નૃત્ય ભારતના તહેવારોની ઉજવણી કરતું સમૂહ નૃત્ય અને સંગીતવાદ્યો સહિત અનેક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. પ્રથમ વર્ષ L.L.B ના જેફીન સંતોષ અને પ્રથમ વર્ષ L.L.B ના કરીના પાંડાએ અનુક્રમે મિસ્ટર ફ્રેશર અને મિસ ફ્રેશરનો ખિતાબ જીત્યો હતો. ત્યારબાદ સંસ્થાના વાર્ષિક મેગેઝિન વિધાન - ૨૦૨૪ ની ત્રીજી આવૃત્તિનું વિમોચન હતું. પાછલા વર્ષની સિદ્ધિઓ દર્શાવતું મેગેઝિન, સહાયક પ્રોફેસર એકતા તોમરે સંપાદિત કર્યું હતું, જેમણે મુખ્ય સંપાદક તરીકે સેવા આપી હતી. અધ્યક્ષ ફતેહસિંહજી ચૌહાણે તેમના સંબોધનમાં શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો અને મૂલ્યવાન માર્ગદર્શન આપી ભવિષ્ય માટે પ્રેરણા આપી હતી. તેમણે મહિલા સશક્તિકરણ પર પ્રકાશ પાડ્યો હતો, નોંધ્યું હતું કે સંસ્થામાં મહિલા વિદ્યાર્થીઓની સંખ્યા હવે પુરૂષ વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં વધી ગઈ છે - તે દર્શાવે છે કે મહિલાઓ કેવી રીતે દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ છે. નિકમે પણ નવા વિદ્યાર્થીઓનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. ડૉ. નિશા પારેખના હૃદયપૂર્વકના આભાર સાથે આ કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

# ખાનવેલમાં ઝોન લેવલની ક્વિઝ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૨ :** સંઘ પ્રદેશ પ્રશાસન દાદરા અને નગર હવેલી અને દીવ દમણ શિક્ષણ વિભાગ સમગ્ર શિક્ષા અંતર્ગત ઝોન લેવલ પ્રશ્ન મંચ ક્વિઝ સ્પર્ધાનું ખાનવેલ ખાતે આયોજન કરવામાં આવ્યું.

ઝોન લેવલની આ પ્રશ્ન મંચ સ્પર્ધામાં સી.આર.સી ખાનવેલ, ગુજરાતી અને મરાઠી માધ્યમ અંતર્ગતની પ્રાથમિક શાળાઓ વચ્ચે આ સ્પર્ધા યોજાઈ. જેમાં કુલ ૧૧ શાળાઓએ ભાગ લીધો. જેમાં ગુજરાતી માધ્યમના આચાર્ય શૈલેષ દેસાઈ, મરાઠી માધ્યમના આચાર્ય જે.બી. પાટીલ તથા અંગ્રેજી માધ્યમના આચાર્ય શ્રીમતી લક્ષ્મી નાયર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ગુજરાતી માધ્યમના સી.આર.સી કોર્ડીનેટર સંજયભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં કેન્દ્રશાળા ખાનવેલ ગુજરાતી માધ્યમની ટીમ વિજેતા બની તથા પ્રાથમિક ગુજરાતી શાળા ઉમરવરની ઉપવિજેતા બની. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ રૂપે સર્ટિફિકેટ, મોમેન્ટો ટ્રોફી, ગીફટ આપવામાં આવ્યા એની સાથે વિજેતા ટીમને ટ્રોફી સર્ટિફિકેટ તથા પ્રોત્સાહિત શૈક્ષણિક કીટ ગીફટ સ્વરૂપે આપવામાં આવી.

સમગ્ર શિક્ષા અંતર્ગત ઝોન લેવલ સ્પર્ધા માં વિદ્યાર્થીઓને એક સારું મંચ પ્રદાન થાય તે માટેના પ્રયત્નો દર વર્ષે કરવામાં આવે છે, વિદ્યાર્થીઓ ગણિત, વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાન માં વધારો થાય એ હેતુથી આ ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવે છે. એ જ રીતે આ વર્ષે પણ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક એમાં ભાગ લીધો. ઝોન લેવલ કક્ષાએ વિજેતા થનાર શાળા સંઘ કક્ષાએ ૩૦ મી સપ્ટેમ્બર ના રોજ ભાગ લેશે.

# વાપીની રોફેલ આર્ટસ કોલેજમાં કલાકુંજ ૨૦૨૪ યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨:** શ્રીમતી સી.ડી.જે રોફેલ આર્ટસ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર.એ રોફેલ કોમર્સ કોલેજમાં તારીખ ૧૪મી સપ્ટેમ્બર,૨૦૨૪ના રોજ હિન્દી દિવસના ઉપલક્ષે ઈનર વ્હીલ ક્લબ ઓફ વાપીના સમર્થનથી વાપી-દમણ વિસ્તારની શાળાઓ માટે કલાકુંજ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હળવું કંઠ્ય, વાર્તા કથન, શીઘ્ર વકતૃત્વ, મટકી શણગાર તેમજ કાર્ડ મેકિંગ જેવી ૫ સ્પર્ધઓ રાખવામાં આવી હતી. જેમાં વાપી-દમણ વિસ્તારની કુલ ૯ શાળાઓના ૯૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં નિર્ણાયક તરીકે વિજયાબેન પટેલ, મીરાબેન રોય, રેખાબેન, ઈનર વ્હીલ ક્લબ ઓફ વાપીના પ્રેસિડેન્ટ અનિતાબેન ગુપ્તા, તેમજ શિક્ષક દંપતી સુરેન્દ્રકુમાર ભાવસાર અને પ્રતિમા ભાવસારે સેવા આપી. મુખ્ય અતિથિનું સ્થાન કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી રાજેશભાઈ કેનીએ શોભાવ્યું. આ નવીન પહેલનું શ્રેય કોલેજના આચાર્યા ડો. હેમાલી દેસાઈને જાય છે. આચાર્યાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન અને સંચાલન ડો. ગઝાલા શેખ, ડો. રીપલ ટંડેલ, પ્રા. ભાર્ગવ શોઢા, પ્રા. રાહુલ રાઠોડ તેમજ પ્રા. જય મિસ્ત્રીની મદદથી કરવામાં આવ્યું. કોલેજના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ સ્વયં સેવક તરીકેની સેવા બજાવી.

# લઘુ ઉદ્યોગ ભારતી વલસાડ દ્વારા જિલ્લાના ઉદ્યોગો માટે વર્કશોપ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** લઘુ ઉદ્યોગ ભારતી વલસાડ જિલ્લાએ આજ રોજ જિલ્લાના ઉદ્યોગો માટે એક msme ઈન્સેન્ટીવ અને જીઆઈડીસીનું વર્કશોપ રાખ્યું હતુ જેમાં જીઆઈડીસી તરફથી મનીષાબેન જેવો જીઆઈડીસીના ડીએમ છે અને ડીઆઈસી તરફથી મિતેશભાઇ લાદાની જેવો ડીઆઈસીના જોઈન્ટ કમીશનર અને જનરલ મેનેજર છે એમણે ઉદ્યોગ મિત્રોને માહિતી પૂરી પાડી હતી. જેમાં મહેમાન તરીકે લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત પ્રદેશના મહામંત્રી ઈશ્વરભાઈ સજ્જન, લઘુ ઉદ્યોગ ભારતી વલસાડ જિલ્લાના પ્રમુખ મેહુલભાઈ પટેલ અને એમની ટીમ, લઘુ ઉદ્યોગ ભારતીના ગુંદલાવ, પારડી, વાપી, સરીગામ, ઉમરગામ, દમણ અને સેલવાસ ઈકાઈ અને ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ, મહામંત્રી અને એમની ટીમ, લઘુ ઉદ્યોગ ભારતીના પૂર્વ પ્રમુખ અને હોદ્દેદારો, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના મિત્રો અને મોટી સંખ્યામા ઉદ્યોગકાર મિત્રો હાજર રહ્યા હતા. ઉદ્યોગકારોને આ સેમિનારમાં ઘણી સારી માહિતી મળી હતી.

# દાનહ શિક્ષણ વિભાગ દ્વારા કેન્દ્રીય કક્ષાની બેન્ડ સ્પર્ધાનું આયોજન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૨:** દાનહ શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર શિક્ષા અંતર્ગત સંઘ પ્રદેશ લેવલની બેન્ડ સ્પર્ધા યોજાઈ હતી. સેલવાસના ટોકરખાડા શાળા કેમ્પસમાં આયોજિત સ્પર્ધામાં બોઈઝ કેટેગરીમાં ટોકરખાડા અંગ્રેજી માધ્યમ શાળા પ્રથમ આવી હતી જયારે દિવની ટીમને દ્વિતીય આવી હતી. ગર્લ્સ કેટેગરીમાં પ્રથમ ઈનામ સેલવાસની અંગ્રેજી માધ્યમ શાળા અને દ્વિતીય ઈનામ સેલવાસની ગુજરાતી માધ્યમ શાળા અને દમણ કોસ્ટ ગાર્ડ સ્કૂલ ટીમને પ્રોત્સાહક ઈનામ મળ્યું હતું. વિજેતા ટીમને શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા ટ્રોફી અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષણ નિયામકના સફળ માર્ગદર્શન હેઠળ સમગ્ર શિક્ષા મદદનીશ પ્રોજેક્ટ ઓફિસર પરિતોષ શુકલની અધ્યક્ષતામાં બેન્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નોડલ ઓફિસર ગૌરાંગ વોરા અને સમગ્ર શિક્ષા દાનહ ટીમે કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે વલસાડ પોલીસ બેન્ડના ઈન્ચાર્જ અધિકારી બી.એમ.પટેલ, મહેશ મહાલા અને નેતાજી સુભાષચંદ્ર બોઝ મિલિટરી એકેડમી રાંધાના દર્શિલ ગોસ્વામીએ સેવાઓ આપી હતી.

### હમીર મહેતા ફાઉન્ડેશન તરફથી

# ઉમરગામની એમ.એમ.હાઈ.માં વિદ્યાર્થીઓને ચેક વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** તારીખ ૨૦/ ૦૯/ ૨૦૨૪ નાં રોજ હમીર મહેતા ફાઉન્ડેશનનાં મિહિરભાઇ શેઠ દ્વારા શાળાના ધોરણ ૯ થી ૧૨ નાં ૭૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને કુલ ૩,૪૦,૦૦૦ (ત્રણ લાખ ચાલીસ હજાર)ની રોકડ રકમ ચેક દ્વારા આપવામાં આવી. વલસાડ જિલ્લાના EI ડો. બીપીનભાઈ પટેલ અને EI ગુલાબચંદ્ર લુહાર સાહેબ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. શાળામાં વિદ્યાર્થીઓની સાથે તેઓના વાલી પણ હાજર હતા, જેઓ ચેક મેળવી ભાવવિભોર થઈ ગયા હતા. શાળાના પ્રમુખ ઈશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્હાસભાઈ ટંડેલ અને શાળાના આચાર્ય અલ્પેશકુમાર એ. પટેલે દાતાઓનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સામાજિક વિજ્ઞાનના શિક્ષક ઈલેશભાઈ પટેલે કર્યું હતું.

# ઉમરગામ સોળસુંબા અંબાજી મંદિર ખાતે ગંગાસ્વરૂપ બહેનોનું પૂજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૨:** સુરતના શ્રીરામ મઢી આશ્રમના મહંત પૂ.શ્રી ૧૦૮ મહામંડલેશ્વર પૂ મૂળદાસ બાપુ દ્વારા સવાલાખ ગંગા સ્વરૂપ વિધવા માતા બહેનોનુ પુજન કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો એ નિમિત્તે આજે ઉમરગામમાં સૌરાષ્ટ્ર પટેલ સમાજના મહેશભાઈ અને રમણીકભાઇ તથા નિકુંજભાઈ દ્વારા અંબામાતા મંદિરમાં ગંગા સ્વરૂપ વિધવા માતા બહેનોના પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શક્તિ મંડળના પ્રમુખ ઉર્મિલાબેન પટેલના સહયોગથી સોથી પણ વધારે ગંગા સ્વરૂપ વિધવા માતા બહેનોને આમંત્રણ આપવામા આવ્યું હતું. જેમનું પૂજન કરી ભોજન કરાવી યથાશક્તિ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે મહામંડલેશ્વર પૂ મૂળદાસ બાપુએ પ્રસંગને અનુરૂપ પ્રવચન આપી આશિર્વાદ પાઠવ્યા હતા.

# બીલીમોરામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૧૨૧ લોકોએ વિવિધ સેવાનો લાભ લીધો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૨૨:** બીલીમોરા પશ્ચિમે શનિવારે નગરપાલિકા કમ્યુનિટી હોલમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૧૨૧ નગરજનો વિવિધ વિભાગોના પ્રશ્નો અને અરજ લઈ આવ્યા હતા. જેનો હકારાત્મક નિકાલ કરાયો હતો. જેમાં ૩૭૧ રેશનકાર્ડ ઈકેવાયસી, ૨૭૧ હેલ્થ વેલનેસ કાર્ડ, ૭૦ આવકના દાખલા, બાવન જન્મ મરણ દાખલા, તેમજ વિધવા સહાય, માં વાત્સલ્ય કાર્ડ, આધાર કાર્ડ, રેશન કાર્ડમાં નામ દાખલ અને નામ કમી, સુધારા, ડાયાબિટીસ અને બી.પી ચકાસણી, આવકના દાખલા, આધારકાર્ડનું બેંક સાથે જોડાણ, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર, ઘરેલુ નવા વીજ જોડાણ, જાતિ પ્રમાણપત્ર, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, સમાજ કલ્યાણ અનુસૂચિત જાતિ સેવાઓ તથા વિવિધ સેવા, મામલતદાર કચેરીના વિવિધ દાખલા અરજીઓ મળી કુલ ૧૧૨૧ અરજીનો હકારાત્મક નિકાલ કરાયો હતો. કોઈપણ જાતના વચેટિયા વિના તમામ પ્રકારની સુવિધા એકજ સ્થળે ઉપલબ્ધ કરાવવા સાથે લાભાર્થીઓને પ્રમાણપત્રો વિતરણ કરાયા હતા. એકજ દિવસે ઘર આંગણે લાભ મળતા લોકોને સરકારી કચેરીના ધરમધક્કા ખાવાની મુક્તિ મળી હતી. ૧૦માં તબક્કાના સેવાસેતુ પ્રસંગે ગણદેવી મામલતદાર જગદીશ ચૌધરી, પાલિકા ચીફ ઓફિસર મિત્તલબેન, બીલીમોરા પાલિકા સ્ટાફ અને મામલતદાર કચેરી સ્ટાફએ લોક પ્રશ્નોનો ત્વરિત નિકાલ કર્યો હતો.

# બીલીમોરા 'લાલ બાગ ચા રાજા'ની ભવ્ય વિસર્જન યાત્રા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા,તા.૨૨:** શ્રદ્ધાળુઓમાં રહેલી ગણેશજી ભગવાન પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને આસ્થા સાથે બીલીમોરા લાલ બાગ ચા રાજાનું શનિવારે વિસર્જન કરાયું હતું. ૧૪ દિવસ અગાઉ ગણેશ ચતુર્થીએ લોકોના મનની મુરાદ પુરી કરતા 'લાલ બાગ ચા રાજા' ની સ્થાપના બાદ બાપ્પાની ભક્તિમાં ફ્રેન્ડ્સ ગ્રુપ કિંગ ઓફ બીલીમોરા સહિત ગણેશ ભક્તો ભાવુક બન્યા હતા. શનિવારે સંકટ ચતુર્થીએ ૧૪ દિવસના ગણેશ મહોત્સવના સમાપન સાથે બાપ્પાને સલામત, શાંતિપૂર્ણ, એકતામય માહોલમાં ભપકાદાર વિદાય અપાઇ હતી. વિસર્જન યાત્રા શરૂ થવાની પહેલા થાળ ધરાવી અંતિમ આરતી કરવામાં આવી હતી.

બીલીમોરા માછીવાડ વખાર ફળીયામાં ત્રણ દાયકાથી ફ્રેન્ડ્સ ગ્રુપ કિંગ ઓફ બીલીમોરા નામે સાર્વજનિક ગણેશ ઉત્સવનો પ્રારંભ કરાયો હતો. 'લાલ બાગ ચા રાજા' ના દરબારમાં ૧૪ દિવસ સુધી ભજન કિર્તન, ગીત સંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાઆરતીનું ભવ્ય આયોજન કરાયું હતું. ભક્તો સાથે સેલિબ્રિટીઓ એ પણ બાપ્પાના ચરણોમાં શીશ ઝુકાવી ધન્ય બન્યા હતા.

શનિવારે યજ્ઞ, હોમ, હવન, પૂજા, આરતી અને મહાપ્રસાદ બાદ વખાર ફળિયાથી લાલ બાગ ચા રાજા ની વિસર્જન યાત્રા શરૂ કરાઈ હતી. 'ગણપતિ અપને ગાવ ચલે...' જેવા ધાર્મિક ગીતોની ડીજે મ્યુઝિક સિસ્ટમ ઉપર રેલાતી સુરાવલી સાથે ઢોલ નગારા અને અબીલ ગુલાલની છોળો સાથે ભક્તો મન મૂકીને ઝુમ્યા હતા. શોભા યાત્રા સોનીવાડ, ગંગામાતા મંદિર, લીમડા ચોક, બીલીનાકા ચાર રસ્તા, ચિમોડિયા નાકા,રેલ્વે ઓવરબ્રિજ, ખાડામાર્કેટ, સ્ટેશન રોડ થઈને બીલીમોરા અંબિકા નદી કિનારે (બંદરે) પહોંચી હતી. જ્યાં પૂજન, આરતી, બાદ ગણપતિ બાપા મોરિયા અગલે બરસ તુ જલ્દી આ... પુઢચ્યાં વર્ષી લવકર યા, ગણપતિ બાપા મોરીયા,ના ગગનભેદી નાદ સાથે દુંદાળા દેવને અશ્રુભીની વિદાય અપાઈ હતી.. સમગ્ર ભક્તગણ બાપ્પાની વિદાય વેળા ભાવ વિભોર બન્યો હતો. કેટલાક ભક્તો ગદગદિત થયા હતા તો કેટલાકની આંખોમાં આસું છલકાયા હતા. ગણપતિ બાપ્પા મોરીયાના નાદ સાથે નીકળેલી વિસર્જનયાત્રા યાદગાર બની હતી. બીલીમોરા પી.આઇ. કેડી નકુમ અને પોલીસ ટીમે ચુસ્ત બંદોબસ્ત સાથે વિસર્જનયાત્રા સુચારુ બનાવી હતી. ફ્રેન્ડ્સ ગ્રુપ કિંગ ઓફ બીલીમોરા મંડળના પરિમલ ધીવર, સુરેશ ધીવર, ભાવિક મિસ્ત્રી, રોશની મિસ્ત્રી, પ્રદિપ ધીવર સહિત લાલ બાગ ચા રાજાના સ્વયંમ સેવકો એ અપાર સ્નેહ અને સાથ સહકાર બદલ સૌનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### ભાદરવી પૂનમ નિમિત્તે

# ઉનાઈ માતા ધામમાં ભજન મંડળીને ઉનાઈ માતાના ફોટા ભેટમાં અપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૨૨:** ભાદરવી પૂનમ નિમિત્તે ઉનાઈ માતા ધામ ખાતે ઉનાઈ માતાના ફોટો ડો.લોચન શાસ્ત્રીના હસ્તે ભજન મંડળીને આપવામાં આવ્યા. ભાદરવા સુદ પૂનમના પવિત્ર દિવસે ઉનાઈ માતાના મંદિરમાં જનજાતિ કલ્યાણ આશ્રમ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં દરરોજ સાંજના ૮ થી ૧૧ વાગ્યા સુધી વિવિધ ગામોની ભજન મંડળીઓ દ્વારા ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભજન સંધ્યામાં અલગ અલગ ગામોની ૪૬ જેટલી મંડળીઓએ ભાગ લીધો હતો. આ આ શ્રાવણ માસ દરમિયાન ભજન સંધ્યામાં માતાજીના ભક્તોએ ખૂબ ઉત્સાહ પૂર્વક જોડાઈ મંદિરના પટાંગણને ભક્તિમય વાતાવરણમાં ફેરવી નાખ્યું હતું. આ ભક્તોને રોજના અલ્પાહારનું આયોજન નવસારીના અશોકભાઈ ગજેરા દ્વારા કરવામાં આવ્યું હતું. અને ભજન સંધ્યાનું આયોજન જનજાતિ કલ્યાણ આશ્રમના છગનભાઈ ઢિમ્મર નવસારી, ઠાકોરભાઈ પટેલ, દિનેશભાઈ, સંજયભાઈ વકીલ, શંકરભાઈ તથા સહ કાર્યકારો દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ શ્રાવણ માસ દરમિયાન કુલ ૪૬ જેટલી ભજન મંડળે ભાગ લીધો હતો તો આ દરેક ભજન મંડળને એક સ્મૃતિ અને યાદગીરી માટે ઉનાઈ માતાજી ટ્રસ્ટ દ્વારા દરેક મંડળને ઉનાઈ માતાજીનો ફોટો આપવામાં આવ્યો હતો. આ માતાજીના ફોટાને આજરોજ માતાજીના દરબારમાં ડોક્ટર લોચન શાસ્ત્રીના હસ્તે આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સદસ્ય યોગેશભાઈ દેસાઈ, જનજાતિ કલ્યાણ આશ્રમના ઠાકોરભાઈ પટેલ, દિનેશભાઈ, મંદિરના પૂજારી ગણ તથા વ્યવસ્થાપક હાજર રહ્યા હતા.

# દિલ્હી હવે ભ્રષ્ટાચાર ઉપર મંજૂરીની મહોર મારશે ?

**હવે દિલ્હીમાં કોંગ્રેસ અલગ જ રહેશે અને સીધો મુકાબલો આપ અને ભાજપ વચ્ચે હશે, પણ ભાજપ પાસે કેજરીવાલનો સામનો કરી શકે તેવો કોઈ નેતા નથી. ભ્રષ્ટાચારનો ચુકાદો એમના વિરુદ્ધ આવે અને ચૂંટણી લડી શકે નહીં તો જુદી વાત છે-બાકી ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીએ જનતાની અદાલતે કાનૂની અદાલત સામે વોટ-વીટો પાવર સફળ રીતે અજમાવ્યો હતો !**

**વિશ્લેષણ**
**કુન્દન વ્યાસ**



અરવિંદ કેજરીવાલ કાનૂની લડાઈ રાજકીય વ્યૂહથી લડે છે અને લડવા માગે છે. આ માટે એમણે ૧૦ વર્ષ જૂની ભૂમિકા ફરીથી શરૂ કરી છે. આમ આદમી પાર્ટીને ઝાડુનું નિશાન આપીને ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં લોકોને મફત વીજળી અને પાણી આપીને શરૂઆત કરી હતી. ૧૦ વર્ષ પછી કેજરીવાલ ઉપર ભ્રષ્ટાચારના આરોપ છે અને સપ્રીમ કોર્ટે જામીન ઉપર છોડયા છે, ત્યારે એમણે રાજકીય વ્યૂહ શરૂ કર્યો છે. ભ્રષ્ટાચારનો મુદ્દો ઊલટાવી નાખ્યો અને જનતાની અદાલતમાં સર્ટિફિકેટ માગી રહ્યા છે. અદાલત કરતાં રાજકીય મેદાનમાં એમની લડાઈ શરૂ થઈ છે. જેલમાં હતા ત્યારે મુખ્ય પ્રધાન પદનું રાજીનામું આપવા તૈયાર ન હતા. એમને આશંકા હતી કે, પક્ષમાં ભંગાણ પાડવામાં આવશે. ઝારખંડની જેમ અન્ય નેતા દાવેદાર બની જાય. જામીન ઉપર છૂટયા પણ આકરી શરતો-વ્યક્તિ તરીકે છૂટયા પણ મુખ્ય પ્રધાન પદ કેદમાં ! આ રીતે સરકાર ચાલી શકે નહીં-અને નાયબ ગવર્નર-મારફત રાષ્ટ્રપતિ શાસન આવે. નોંધપાત્ર બાબત એ છે કે, દિલ્હી-પૂર્ણ રાજ્ય નથી, તેથી રાષ્ટ્રપતિ શાસન અનિશ્ચિત મુદત-અર્થાત ચૂંટણી થાય ત્યાં સુધી ચાલુ રહી શકે. છ મહિનામાં સંસદની મંજૂરી લેવાનો નિયમ અહીં નથી, શાસન ઠપ છે. સરકારી કામકાજ થતાં નથી એવી છાપ અને સ્થિતિ ટાળવા એમણે આતિશીને મુખ્ય પ્રધાન પદે બેસાડવાનો દાવ અજમાવ્યો છે. હજુ સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવે તે પછી ચૂંટણીમાં કેજરીવાલ કેવો વ્યૂહ અપનાવે છે તે જોવાનું છે. દરમ્યાન, અરવિંદ કેજરીવાલ રાજીનામું આપીને આતિશીને મુખ્ય પ્રધાન પદે બેસાડશે-એ વિશે શંકા જ ન હતી. ૧૫મી ઓગસ્ટે મુખ્ય પ્રધાન કેજરીવાલ-જેલમાં હોવાથી નાણાપ્રધાન સુશ્રી આતિશી ધ્વજવંદન કરાવશે, એવો પત્ર નાયબ ગવર્નરને લખીને જાહેરમાં જણાવ્યું હતું. જો કે, આવા કોઈ પત્રની પહોંચ રાજભવન પાસેથી મળી નથી ! આ પ્રથમ નિર્દેશ એમની પસંદગીનો હતો. આ પછી આતિશીને નાણાં ખાતાં ઉપરાંત અન્ય ૧૧ ખાતાંની જવાબદારી સોંપવામાં આવી-જાહેર બાંધકામ, શિક્ષણ, ઊર્જા વગેરે. કેજરીવાલે જેલવાસ દરમ્યાન પત્ની સુનીતાના માધ્યમથી આમ આદમી-અને પાર્ટી સાથે સંપર્ક રાખ્યો અને કોંગ્રેસના ઈન્ડિ. મોરચાએ સુનીતાને મુંબઈની જાહેર સભામાં મંચ ઉપર બેસાડયાં, ત્યારે એવી હવા હતી કે, અરવિંદ કેજરીવાલ બિહારના લાલુપ્રસાદ અને રાબડીદેવીનું અનુકરણ કરશે, પણ કેજરીવાલે એવી ભૂલ કરવાને બદલે આતિશીને આગળ કર્યાં. કેજરીવાલની ગેરહાજરીમાં આતિશીએ મોરચો-સંભાળ્યો. કેજરીવાલે જામીન ઉપર છૂટીને રાજીનામાની જાહેરાત કરી, ત્યારે પણ આતિશીએ પત્રકારોને જણાવ્યું કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણી થાય ત્યાં સુધી આપની સરકાર રહેશે. વારંવારના આવા સ્પષ્ટ નિર્દેશ છતાં મીડિયામાં-મુખ્ય પ્રધાન કોણ બનશે ? એવી નિરર્થક ચર્ચા થઈ. વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં આપ સરકારે ઘણી યોજનાઓ જાહેર કરી હતી-તેમાં ૧૮થી ૬૦ વર્ષની મહિલાઓને માસિક રૂા. ૧૦૦૦ આપવાની વાત મુખ્ય છે-અને તેના અમલ માટે ચૂંટણીનો શ્રેષ્ઠ સમય છે અને મુખ્ય પ્રધાન બન્યાં પછી આતિશી અમલ શરૂ કરે, તો નાયબ ગવર્નર બ્રેક મારી શકે નહીં-અને અવરોધ ઊભા કરે, તો પણ તેનો રાજકીય લાભ ઊઠાવવામાં કેજરીવાલ કાબેલ છે. કેજરીવાલે-જે શીશમહેલ બનાવ્યો છે, તે હવે ૧૫ દિવસમાં ખાલી કરશે, પણ ભ્રષ્ટાચારના આક્ષેપ હજુ ઊભા છે. શરાબનીતિથી શીશમહેલ-તમામ આક્ષેપો સામે કાનૂની અદાલતને બાજુએ રાખીને કેજરીવાલ જનતાની અદાલતનું સર્ટિફિકેટ લેવા માગે છે અને તેથી જ વિધાનસભાની ચૂંટણી વહેલી તકે-મહારાષ્ટ્ર સાથે નવેમ્બરમાં જ થાય એવી એમની માગણી છે. ચૂંટણીપંચ અત્યારે જમ્મુ-કાશ્મીર અને હરિયાણાની ચૂંટણીમાં અને પછી મહારાષ્ટ્ર-ઝારખંડની ચૂંટણી નવેમ્બર-અને જાન્યુ. ૨૦૨૫માં છે. દિલ્હી વિધાનસભાની મુદત ૨૩ ફેબ્રુ. ૨૦૨૫માં પૂરી થાય છે-તેના છ મહિના પહેલાં ચૂંટણીપંચ તૈયારી શરૂ કરે છે, તેથી ઉતાવળ જરૂરી નથી. પ્રશ્ન એ છે કે, વહેલી ચૂંટણી કરવાની ફરજ કેજરીવાલ પાડી શકે ? જો વિધાનસભામાં બહુમતીથી ઠરાવ પસાર થાય કે, વિસર્જન કરો અને ચૂંટણી વહેલી કરો-તો રાજ્યપાલે આ ભલામણ સ્વીકારવી પડે. વડાપ્રધાન કે મુખ્ય પ્રધાન બહુમતી ગુમાવે અને વૈકલ્પિક સરકાર શક્ય હોય નહીં ત્યારે પણ વહેલી-મિડ-ટર્મ-ચૂંટણી થઈ શકે પણ દિલ્હી આ જોગવાઈમાં અપવાદ છે. કારણ કે, સંપૂર્ણ રાજ્યનો દરજ્જો નથી. નાયબ રાજ્યપાલ છે-નેશનલ કેપિટલ ટેરીટરી ઓફ દિલ્હી ધારો-૧૯૯૧ લાગુ પડે છે જે અનુસાર-વિધાનસભાની ચૂંટણીનો નિર્ણય કેન્દ્ર સરકાર લઈ શકે. આ સંજોગોમાં કેજરીવાલ પાસે એક જ વિકલ્પ છે ચૂંટણી થાય ત્યાં સુધી આતિશી-જનકલ્યાણની યોજનાઓનો ઝડપી અમલ કરે અને કેજરીવાલ જનતામાં ઘેર ઘેર-દ્વારે દ્વારે પ્રચાર કરે. આ દરમ્યાન સુપ્રીમ કોર્ટનો ચુકાદો શું આવે છે, તે જોવાનું છે. જામીન ઉપર જેલમુક્તિ આપતી વખતે બંને ન્યાયાધીશનાં મંતવ્ય ભિન્ન હતાં. એકનો અભિપ્રાય હતો કે, ધરપકડ વાજબી-કાયદેસર છે, તો બીજાએ સીબીઆઈને સરકારી પિંજરાના પોપટ સાથે સરખાવી ! દિલ્હી વિધાનસભાની ચૂંટણી વહેલી થાય કે મોડી-કેજરીવાલને શું ફરક પડશે ? ચૂંટણીમાં મુખ્ય મુદ્દો-કેજરીવાલ હશે. એમના નામે વોટ માગે અને મળે, જ્યાં સુધી જનતા સર્ટિફિકેટ આપે નહીં ત્યાં સુધી મુખ્ય પ્રધાનની ખુરસી ઉપર નહીં બેસવાનું એલાન અસરકારક છે. ગુનેગાર છે-કે નિર્દોષ-પ્રામાણિક છે તેનો ચુકાદો જનતાની અદાલત આપશે એમ તેઓ કહે છે. ઈન્દિરા ગાંધીએ આવી જ રીતે ચુકાદા-જનાદેશ મેળવ્યા હતા. જનતાનું સર્ટિફિકેટ મેળવ્યા પછી રાજકીય અને કાનૂની કસોટી થશે ! કેજરીવાલ જાણે છે કે, એમની શાખ-માં ધોવાણ થયું છે. મધ્યમ વર્ગનું સમર્થન ગુમાવ્યું છે, પણ ઝૂંપડપટ્ટીની મહિલાઓ અને વસતી-શિક્ષણ, સ્વાસ્થ્ય અને વિનામૂલ્યે બસયાત્રાથી ખુશ છે. જામીન મળ્યા પછી સામે ચાલીને રાજીનામું આપવાનો વ્યૂહ ભ્રષ્ટાચારના પાપ અને છાપ ધોવા માટે કારગત નીવડશે એવી એમને ખાતરી છે. એક વાત નિશ્ચિત છે કે, ઈન્ડિ મોરચામાં જોડાયા હોવા છતાં હરિયાણા પછી દિલ્હીમાં પણ કોંગ્રેસ સાથે સમજૂતી નહીં થાય. ચૂંટણી કેજરીવાલના નામે, એમના માટે હશે, તેથી કોઈના સાથની જરૂર નથી-જનતાની સહાનુભૂતિ અને સમર્થન મેળવીને રાષ્ટ્રીય તખતા ઉપર નામ પાકું કરવા માગે છે. લોકસભાની ચૂંટણી વખતે સુપ્રીમ કોર્ટે એમને જામીન ઉપર છોડયા હતા, ત્યારે એમણે મતદારોને અપીલ-આજીજી-કરી હતી કે, તમારો મત મને જેલમુક્ત કરી શકે છે. સહાનુભૂતિ અને સમર્થન માટે વોટ માગ્યા પણ લોકસભામાં દિલ્હીની તમામ-સાત બેઠક ભાજપને મળી. પંજાબમાં આપની સરકાર હોવા છતાં ૧૩માંથી માત્ર ત્રણ આપના ઉમેદવાર જીતી શક્યા. કોંગ્રેસ સાથે સમજૂતી હોવા છતાં ફાવ્યા નહીં. અત્યાર સુધી-૨૦૧૪ અને ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી પછી-૨૦૧૫ અને ૨૦૨૦માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કેજરીવાલે વધુ બેઠકો મેળવી-તે કોંગ્રેસના ભોગે છે. ૨૦૨૨માં કોંગ્રેસનો હાથ પકડયો ત્યારે વધુ નુકસાન થયું. હવે દિલ્હીમાં કોંગ્રેસ અલગ જ રહેશે અને સીધો મુકાબલો આપ અને ભાજપ વચ્ચે હશે, પણ ભાજપ પાસે કેજરીવાલનો સામનો કરી શકે તેવો કોઈ નેતા નથી. ભ્રષ્ટાચારનો ચુકાદો એમના વિરુદ્ધ આવે અને ચૂંટણી લડી શકે નહીં તો જુદી વાત છે-બાકી ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીએ જનતાની અદાલતે કાનૂની અદાલત સામે વોટ-વીટો પાવર સફળ રીતે અજમાવ્યો હતો ! દિલ્હી હવે ભ્રષ્ટાચાર ઉપર મંજૂરીની મહોર મારશે ?

## પાણી પહેલાં પાળ બાંધવી કે પડશે એવા દેવાશે ?

**ચોવીસ કલાક પૈસા પૈસા પૈસા નથી કરવાનું. નહીંતર લોભ અને અસંતોષ ક્યારેય તમારો પીછો નહીં છોડે. એની જગ્યાએ યોગ્ય સમયે, યોગ્ય નિર્ણયો લેવા અને યોગ્ય સમયે, યોગ્ય સ્ટેન્ડ લેવા !**

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા



મીડલાઈફ ક્રાઈસિસ વિશે આપણી વાતો થઈ રહી હતી. આ માનસિક અવસ્થાને ટાળવા માટે નિયમિત ખોરાક અને વ્યાયામ અત્યંત જરૂરી છે એ વિશે પણ આપણે વાત કરી. નિયમિત લાઈફ સ્ટાઈલથી આપણે અનેક સમસ્યાઓને ટાળી શકીએ છીએ! જોકે મીડલાઈફ ક્રાઈસિસ આમ તો મનમાં ભજવાતો જ ડર છે. એકરીતે જોવા જઈએ તો એ ઓવર થિંકિંગનો જ એક પ્રકાર છે. કે ભાઈ, ભવિષ્યમાં હાથટાંટિયા ન ચાલ્યા શું કરીશું? ઘરની લોન પતી જશે કે નહીં? નવી પેઢીના છોકરાઓ સાથે તાલમેલ મિલાવી શકીશું કે નહીં? આપણે એકલા તો નહીં પડી જઈશુંને? કે પછી આટલી બધી મોંઘવારીમાં પેન્શન અથવા તો બચતમાંથી જીવન ગુજરાન થશે કે નહીં?

આવા અનેક વિચારો, જેને સાયકોલોજી ઓવરથિંકિંગ પણ કહે છે અને આવા જ વિચારો મીડલાઈફ ક્રાઈસિસ વખતે પણ આવે! જોકે અહીં ઉપાય માત્ર સાયકોલોજીના એક્સપર્ટ્સ પાસે જ છે કે ભાઈ ઓવરથિંકિંગ વખતે અથવા મીડ લાઈફ ક્રાઈસિસ વખતે માનસિક રીતે જે કરવાનું થાય છે તે એક જ છે ! મજાની વાત એ છે કે આ બંને સમસ્યાઓનો જવાબ બે ગુજરાતી કહેવતો પાસે છે. એ કહેવતો એટલે 'પાણી પહેલાં પાળ બાંધવી' અને 'પડશે એવા દેવાશે'. એક્સપર્ટ્સ કહે છે કે ત્રીસીના મધ્યમમાં કે અંતે કે પછી ચાળીસીની શરૂઆતમાં પહોંચેલા લોકોએ સજાગ જરૂર રહેવાનું છે, પરંતુ તેમણે પડશે એવા દેવાશેનો અભિગમ પણ કેળવવો પડશે. એ વાત સાચી છે કે આ ઉંમરના લોકોને તેમના માત-પિતાના આરોગ્યની ચિંતા થાય છે. એ વાત સાચી છે કે તેમને તેમના સંતાનોના ભણતર અને ભવિષ્યની ચિંતા છે કે એ વાત પણ સાચી છે કે તેમને તેમના દુ:ખતા ઘૂંટણ કે ઓછી થઈ રહેલી ફીટનેસની ચિંતા છે. પરંતુ આ બધી ય બાબતો જ્યારે જીવનમાં સર્જાય ત્યારે જ તેનો સામનો કરવો ! એ બાબતે કંઈ અત્યારથી માથાકૂટ કરવાની જરૂર નથી. નહીંતર ઘૂંટણ ભલે સહેજ દુ:ખતા હશે, પરંતુ બ્લડ પ્રેશર આસાનીથી શરીરમાં ઘૂસી જશે !

એટલે આવી બધી બાબતો પ્રત્યે જરા નિંભર બનવું અને જ્યાં સુધી કોઈ ઘટના ઘટે નહીં ત્યાં સુધી એ વિશેના ઝાઝા વિચારો નહીં કરવા. હા, જો કરવું જ હોય તો થોડું સ્માર્ટ પ્લાનિંગ કરી લેવું. એ પ્લાનિંગ એટલે જ પાણી પહેલાં પાળ બાંધી લેવી ! કે ભાઈ, આપણા જીવનની લગભગ સમસ્યાઓનો ઉકેલ પૈસા છે. માંદગી હોય કે શિક્ષણ કે પછી ઘર કે પછી નિવૃત્તિ હોય ! એ બધામાં જ પૈસાની મહત્ત્વની ભૂમિકા છે. એટલે જે મગજ ઘસવાનું છે એ પૈસાના મેનેજમેન્ટમાં ઘસવાનું છે. પછી એ પૈસો કમાવા બાબતે હોય, વાપરવા બાબતે હોય કે ઈન્વેસ્ટ કરવા બાબતે હોય ! આમાં જો આપણે યોગ્ય રીતે આગળ વધી શકીશું તો સ્વાભાવિક જ જીવનની અનેક સમસ્યાઓના સમાધાન મળી રહેશે અને આ બાબતે ય પાછું એવું કે કંઈ ચોવીસ કલાક પૈસા પૈસા પૈસા નથી કરવાનું.

નહીંતર લોભ અને અસંતોષ ક્યારેય તમારો પીછો નહીં છોડે. એની જગ્યાએ યોગ્ય સમયે, યોગ્ય નિર્ણયો લેવા અને યોગ્ય સમયે, યોગ્ય સ્ટેન્ડ લેવા ! એમાં પછી સેવિંગ કે ઈન્વેસ્ટમેન્ટમાં ગોથું ખાઈ જશો કે રખડી ખાશો તો તમને વાંધા પડવાના જ છે. અને આખરે થશે એ કે તમારે જીવનના સાંઈઠમાં દાયકા કે સીત્તેરમાં દાયકામાં પણ કામ કરવા જ પડવાનું છે.

એના કરતા ત્રીસી અને ચાળીસીમાં સેવિંગ અને ઈન્વેસ્ટમેન્ટમાં યોગ્ય ધયાન આપવું. જેથી મીડલાઈફ ક્રાઈસિસ તો ઠીક, પરંતુ રિઅલ લાઈફ ક્રાઈસિસનો પણ તમારે સામનો ન કરવો પડે.

## કામનો બોજ અંગત જીવનનો કોળિયો કરે ?

**વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને પ્રતાપે માહિતી મોકલવાની અત્યંત સરળતાને કારણે દિવસોમાં પહોંચતી માહિતી સેકન્ડોમાં પહોંચે છે. તે સરળતા નોકરીયાત વર્ગનાં અંગત જીવનનો કોળિયો કરવા લાગી છે. તેથી કામના કલાકો (ઓફિસ હવર્સ) પછી પણ વ્યક્તિ સતત કામની સાથે જોડાયેલી રહે છે. કામ પરથી ઘરે પરત ફર્યા પછી પણ વ્યક્તિ ઓફિસને ખિસ્સામાં લઈને ફરતી થઈ છે**

**મનનમ્**



**યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી



अथ क्षणो नयेत् कर्तव्यं कार्यं शुभमेतद्। અર્થાત્ પ્રત્યેક ક્ષણમાં કાર્ય કરવું જોઈએ એ જ શુભ છે. ક્ષણ, સમય, કાલ-ટાઈમનું મૂલ્ય જ્ઞાની પુરુષ જ સમજી શકે છે. આમ તો પ્રત્યેક વ્યક્તિને સરેરાશ ૬૦-૬૫ વર્ષનું જીવન મળે છે પણ દરેકને માટે રોજનો ૨૪ કલાકનો જ સમય હોય છે. આ ૨૪ કલાક દરમિયાન પ્રત્યેક વ્યક્તિ સમયનો એકસરખો ઉપયોગ કરતી નથી. જરૂરિયાત, સમજ, ક્ષમતા અને આવડતના આધારે પ્રત્યેક વ્યક્તિ સમયનો જુદો જુદો ઉપયોગ કરે છે. ક્યારેક કોઈકને સમય ઘટી પડે તો ક્યારેક કોઈકને માટે સમય વધી પડે છે. એ જ 'સમય સમયની બલિહારી' છે.

સાંપ્રત સમયમાં વિજ્ઞાન થકી સમય વધ્યો અને ઘટ્યો બંને જ. વિજ્ઞાનને કારણે કેટલીક બાબતોમાં વ્યક્તિનો સમય બચ્યો છે તો કેટલીક બાબતોમાં સમય બગડ્યો છે. વિજ્ઞાનને કારણે જ સમય અને જીવનનું એવું તો મિશ્રણ થઈ ગયું છે કે જીવન માટે સમય કે સમય માટે જીવન એ નક્કી થઈ શકતું નથી. વિજ્ઞાન થકી વધેલી સરળતા ક્યારેક વ્યક્તિને માટે મોટી સમસ્યા બને છે. દા.ત. whatsappના આવ્યા પછી માહિતી મોકલવી અત્યંત સરળ અને સહજ બની ગઈ છે. જે માહિતી પહોંચતા દિવસો વીતી જતા હતા તે માહિતી હવે સેકન્ડોમાં પહોંચી જાય છે પણ માહિતી મોકલવાની આ સરળતા જ હવે દિવસે દિવસે નોકરીયાત વર્ગનાં અંગત જીવનનો કોળિયો કરવા લાગી છે. જેને કારણે કામના કલાકો (ઓફિસ હવર્સ) પછી પણ વ્યક્તિ સતત કામની સાથે જોડાયેલી રહે છે. કામ પરથી ઘરે પરત ફર્યા પછી પણ વ્યક્તિ ઓફિસને ખિસ્સામાં લઈને ફરતી થઈ છે. પરિણામે ઘરમાં ઓફિસ અને ઓફિસમાં પણ ઓફિસ એવું આધુનિક જીવન બની રહ્યું છે. આમ સતત કામ કામની ચિંતાને કારણે અશાંતિ અને માનસિક દબાણ હેઠળ દબાયેલી વ્યક્તિ જીવનનો આનંદ નથી માણી શકતી કે નથી આનંદથી જીવન જીવી શકતી. વળી, વિજ્ઞાન અને ટેકનોલોજીને કારણે કામની સરળતા વધવાથી કામનું દબાણ વધી રહ્યું છે. કામના વધેલા દબાણથી અસંતોષ અને અતૃપ્તિની લાગણી વધુ ઉદ્દીપ્ત થાય છે. જેને કારણે ક્યારેક નકારાત્મક વિચારોનું પ્રમાણ વધે છે. ક્યારેક એ જ નકારાત્મકતા વ્યક્તિને જીવનના અંત સુધી દોરી જાય છે.

એનું ઉદાહરણ હાલમાં જ અર્ન્સ્ટ એન્ડ યંગ ઈન્ડિયાની ૨૬ વર્ષની સીએ અન્ના સેબેસ્ટિયનનું વધુ પડતા કામને કારણે થયેલું મૃત્યુ છે. જેને કારણે કંપનીની કાર્યપદ્ધતિ અંગે પ્રશ્નો ઉઠ્યા છે. પણ આવા તો કંઈ કેટલાય ઉદાહરણો પેપરના પાને પ્રકાશિત થયા વિના કે ન્યુઝ ચેનલની જાણ-ધ્યાનમાં આવ્યા વિના એમ જ કામના ભાર તળે દબાઈ જાય છે. સાચું કહીએ તો ખરેખર કોઈને કોઈની ચિંતા નથી. ન્યૂઝ ચેનલ કે કહેવાતા ચિંતકો માત્ર મોટીવેશનલ ગુરુઓની જેમ સારું દેખાડે છે, સાચું નહીં. પણ હકીકત તો એ છે કે એક તરફ દેશમાં બેરોજગારી માટે બૂમો પડાય છે તો બીજી તરફ વધુ પડતા કામના પ્રમાણથી કર્મચારીઓ પીડાય છે. પણ એ સમસ્યા ખરેખર ક્યાં કોઈકના ધ્યાનમાં આવે છે ? કારણ કે આપણે તો ઘરને ઓફિસ અને ખિસ્સાને કાર્યાલય બનાવેલી જિંદગીને જ સામાન્ય જિંદગી સ્વીકારીને ક્રુચલક ચલાણી પેલે ઘેર ધાણીની જેમ અટવાયા કરીએ છીએ. જેથી કોઈને જ એ ધ્યાનમાં નથી આવતું કે જીવનમાં આર્થિક ઉપાર્જનના કામની સાથે સાથે આનંદોપાર્જન માટે પણ અવકાશ હોવો જરૂરી છે. ભારતીય ઋષિઓ કે તત્વજ્ઞાનીઓએ આર્થિક, સામાજિક કામ અને જીવનના આનંદ માટેનું ખૂબ જ બુદ્ધિપૂર્વક વિભાજન કર્યું છે. એટલે જ તો પ્રત્યેક વ્યક્તિને માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા પુરુષાર્થો સૂચવ્યા છે જેને દિવસના ૨૪ કલાક દરમિયાન છ છ કલાકમાં વિભાજિત કરી શકાય છે તો બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યસ્તાશ્રમ જેવા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને આધારે જીવનનું વિભાજન કરીને જ્ઞાનનોપાર્જન, અર્થોપાર્જન અને આનંદોપાર્જન માટેની વ્યવસ્થા કરી છે. પણ એ સંપૂર્ણ બૌદ્ધિક અને વૈજ્ઞાનિક ચર્ચા સંસ્કૃતમાં છે, અંગ્રેજીમાં નથી. એ જ્યારે અંગ્રેજીમાં પરિવર્તિત થઈને આપણી પાસે આવશે ત્યારે આંખો ખુલશે. ત્યાં સુધી તો આપણે કામના ભાર તળે દબાયેલી અને બેરોજગારીની ચર્ચામાં જ સમય પસાર કરીએ, બીજું તો શું?

## કપાસિયા, સિંગતેલના ભાવમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયાનો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા) રાજકોટ, તા.૨૨,હાલ મોંઘવારીમાં માણસ ચારેતરફથી ભીંસાઈ રહ્યો છે. કમરતોડ મોંઘવારીમાં લોકોનું જીવવું મુશ્કેલ બની રહ્યું છે. ઘરના બજેટમાં તેલ, શાકભાજી કે પછી અન્ય વસ્તુઓમાં કાપ મૂકવો તે ગૃહિણીઓને સમજવું મૂંઝવણભર્યું બની રહ્યું છે. આવામાં હવે તેલના ભાવોમાં તોતિંગ વધારો ઝીંકાયો છે. સરકારના એક નિર્ણયથી ખાદ્ય તેલોના ભાવમા આસમાની વધારો થયો છે. તેમાં પણ કપાસિયા તેલમાં સીધો ૪૦૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. સરકારે ખાદ્ય તેલ પર આયાત ડ્યુટી વધતા ભાવમાં તોતિંગ વધારો થયો છે. તહેવારો પહેલાં ખાદ્ય તેલમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયાનો વધારો થયો છે. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૦૦૦ને પાર પહોંચ્યો છે. ખૂલતા બજારે ૧૭૦૦ રૂપિયાના બદલે કપાસિયા તેલનો ભાવ ૨૦૫૦ રૂપિયાએ પહોંચ્યો છે. પામ તેલના ડબ્બાનો ભાવ ૧૯૦૦ રૂપિયા થયો છે. કપાસિયા તેલનો ૧૫ લીટરનો ડબ્બો જે પહેલા ૧૭૦૦ રૂપિયામાં આવતો હતો, તે હવે ૨૦૫૦ રૂપિયાના ભાવે મળી રહ્યો છે. સનફ્લાવર તેલના ૧૫ લીટરનો ડબ્બો જે પહેલા ૧૭૦૦ રૂપિયામાં આવતો હતો તે હવે ૨૦૫૦ રૂપિયાના ભાવે મળી રહ્યો છે. પામ ઓઈલના ૧૫ લીટરનો ડબ્બો જે પહેલા ૧૫૦૦ રૂપિયામાં આવતો હતો તે હવે ૧૯૦૦ રૂપિયાના ભાવે મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે ખાદ્ય તેલની આયાત ઉપર ડ્યુટી વધારતા તેલના ભાવમાં વધારો થયો છે. તહેવારોની સીઝન પહેલા તેલના ભાવમાં ૩૫૦ થી ૪૦૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. તેલના ભાવમાં વધારો થતા મધ્યવર્ગી પરિવારમાં બજેટ ઉપર અસર પડી રહી છે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913


## મોટાપોંઢાની ૨૮ જેટલી આંગણવાડીનો પોષણ માહ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૨૨ :** સૂપોષિત ભારત, સાક્ષર ભારત અને સસસકત ભારત ના હેતુ સાથે તા. ૧ થી ૩૦ સપ્ટેમ્બર અંતર્ગત પોષણ માહ ની ઉજવણી કરવા રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે કપરાડા તાલુકાના મોટાપોંઢા સેજા માં સમાવિષ્ટ કુલ ૨૮ જેટલી આંગણવાડીની કાર્યકર બહેનો દ્વારા કાકડકોપર ગામ ખાતે પોષણ માહની ઉજવણી કાર્યક્રમ આઈ.સી. ડી.એસ અધિકારી હસુમતીબેન એસ રાઉતની ખાસ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં કુપોષિત અને અતિકુપોષિત બાળકો ને કિટ્સ વિતરણ કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમ માં સગર્ભા મહિલાઓ, કિશોરી બહેનો અને ધાત્રી મહિલાઓને કિટ્સ વિતરણ કરી આરોગ્ય લક્ષી માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. આ કાર્યકર માં વિવિધ વાનગીઓનું નિદર્શન કરી સમજૂતી આપી હોવાનું જાણવા મળે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત આઇ.સી.ડી.એસ અધિકારી હસુમતીબેન દ્વારા પોષણ માહ અંગેની વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભંડારકચ્છ આંગણવાડી કેન્દ્ર - ૧ ની કાર્યકર ગુણવંતીબેન ભોયા દ્વારા સ્વરચિત પોષણ માહ પર ગીત રજુ કરી જાગૃત કાર્ય હતા. દિવ્યાબેન ટંડેલ દ્વારા પોષણ સુધા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કાકડકોપર ગામના સરપંચ ગણેશભાઈ ગાવિંત, નાનાપોંઢા સહકારી બેંકના ચેરમેન અને પૂર્વ તાલુકા પંચાયત સભ્ય રઘુભાઈ ગાવિંત, કાકડકોપર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી, અંભેટી સેજા ના સુપરવાઈઝર ટિંકલબેન ,૨૮ જેટલી આંગણવાડી કેન્દ્રો ની કાર્યકર બહેનો તથા મોટી સંખ્યામાં સગર્ભા,ધાત્રી અને કિશોરીઓ ઉપસ્થિત રહ્યા હોવાનું જાણવા મળે છે .

## ધરમપુર મામલતદાર કચેરીમાં બાળકોના રેશનકાર્ડમાં નામ દાખલ કરવા લાંબી કતાર

**એસટી કાસ્ટના પરિવારના વિદ્યાર્થીઓને શાળામાંથી મળતી શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા પહેલા પ્રથમ રેશનકાર્ડમાં નામ દાખલ કરાયા બાદ આવકનો દાખલો મળતો હોય છે જેથી નામ દાખલ કરવા લાંબી કતાર લાગે છે**

### કોમ્પ્યુટર ઓપરેટર વધારવાની માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૨ :** ૧૦૮ ગ્રામ્ય વિસ્તાર સાથે સંકળાયેલા ધરમપુર તાલુકાના દરેક ગ્રામ્ય વિસ્તારોથી ધરમપુર મામલતદાર કચેરી ખાતે મોટી સંખ્યામાં બાળકોના રેશનકાર્ડમાં નામ દાખલ કરવા રોજિંદા લાંબી કતાર દ્રશ્યમાન થઈ રહી છે જેને લઈને કોમ્પ્યુટર ઓપરેટર વધારવા ગ્રામીણજનોની માંગ ઉઠવા પામી છે.

ધરમપુરના ગ્રામ્ય વિસ્તારથી અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ એસટી કાસ્ટના પરિવારના વિદ્યાર્થીઓને શાળામાંથી મળતી શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા પહેલા પ્રથમ રેશનકાર્ડમાં નામ દાખલ કરાયા બાદ આવકનો દાખલો મળતો હોય છે. હાલે ધરમપુર મામલતદાર કચેરી ખાતે ધરમપુર તાલુકાના દુર દુર ગ્રામ્ય વિસ્તારથી વાલીઓ પોતાના પુત્ર /પુત્રીના નામ રેશનકાર્ડમાં દાખલ કરવા માટે સવારથી જ લાઈનમાં જોતરાઈ જતા હોય છે. વલસાડ જિલ્લાનો મોટો તાલુકો તરીકે ઓળખાતા ધરમપુરના ગ્રામ્ય વિસ્તારથી મોટી સંખ્યામાં રેશનકાર્ડમાં બાળકોના નામ દાખલ કરવા માટે વાલીઓ આવતા હોય છે હાલે મામલતદાર કચેરી ખાતે બે થી ત્રણ કોમ્પ્યુટર ઓપરેટર કાર્યરત છે. જેને લઈ લાંબા સમય સુધી આદિવાસી ભાઈઓ બહેનોએ રાહ જોવી પડતી હોય છે. આ સમસ્યાને નિવારણ માટે વધુ બે કોમ્પ્યુટર ઓપરેટર કાર્યરત કરવામાં આવે તો ગ્રામ્ય વિસ્તારથી આવનારા વાલીઓને રાહત થઈ શકે એમ છે. ઉપરોક્ત આદિવાસી બાળકોના રેશનકાર્ડમાં નામ દાખલ કરવાની પ્રક્રિયા ઝડપી થાય તો આગળ આવકનો દાખલો મેળવી શિષ્યવૃત્તિનુ ફોર્મ ભરી શકાતું હોવાથી આદિવાસી ભાઈઓ બહેનોમાં કોમ્પ્યુટર ઓપરેટર વધારવાની માંગ ઉઠવા પામી છે.

## ધરમપુરમાં પીવીસી કોટેડના તૂટેલા સ્પીડબ્રેકરના જોખમી નટ બોલ્ટ ક્યારે દૂર કરાશે?

**લાખોના ખર્ચે જાહેર માર્ગો પર લગાવવામાં આવેલ પીવીસી સ્પીડ બ્રેકરને વર્ષ પણ પુર્ણ ન થયુ ત્યાં તો ફૂર્ચેફુરચા નિકળી ગયા**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૨ :** ધરમપુર પાલિકા તંત્ર દ્વારા ગતિરોધક પીવીસીના સ્પીડ બ્રેકર નગરના તમામ વોર્ડના રસ્તા પર લગાવવામાં આવ્યા હતા ધરમપુર પાલિકાના મુખ્ય વિસ્તાર પૈકી પાલિકા કચેરીની સામેથી પસાર થતાં ગૌરવ પથ માર્ગ, મોટા બજાર, સમડી ચોક, દસોંદી ફળિયા, આસુઝાંપા માછીવાડ સહીત પાલિકાના અન્ય જાહેર માર્ગો પર થોડા મહિના અગાઉ લગાવવામાં આવેલ પીવીસી સ્પીડબ્રેકર તૂટી જતા જાહેર રસ્તા ઉપર નટ બોલ્ટ દ્રશ્યમાન થઈ રહ્યા છે ધરમપુર ના અતિ મહત્વના અને પોષ વિસ્તાર ગણાતા એવા ગૌરવપથ વિસ્તાર સહીત નગરના અન્ય વિસ્તારોથી રોજિંદા રાહદારીઓ નાના-મોટા વાહનો પસાર થતા હોય છે. તૂટી ગયેલા સ્પીડ બ્રેકરના નટ બોલ્ટ બહાર નીકળી આવતા પસાર થનારાઓ સામે જોખમ તોડાઈ રહ્યું છે પાલિકા તંત્ર દ્વારા બહાર નીકળી આવેલ નટ બોલ્ટ વિશે નગરજનોમા ચર્ચાનો વિષય બન્યો છે.

## માલનપાડા મોડેલ સ્કૂલ ઝોનકક્ષાની રોલ પ્લે સ્પર્ધામાં પ્રથમ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૨ :** સુરત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં આયોજીત ઝોન - કક્ષાની રોલ પ્લે સ્પર્ધામાં મોડેલ સ્કુલ, માલનપાડાના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

વિજેતા જાહેર થતાં શાળાના આચાર્ય ડૉ.વર્ષા પટેલે સૌ વિદ્યાથીઓને અભિનંદન પાઠવ્યા હતા. જેમાં ધો. ૯ની વિદ્યાર્થિનીઓ શાલિની ગુપ્તા, વિભા પટેલ, યેશા પટેલ, પ્રિયાંશી ચૌધરી, હર્ષિદા ચૌધરીએ વ્યક્તિગત - સલામતી વિષય પર અભિનય કર્યો હતો. શાળાના શિક્ષિકા મીરાબેન - વિદ્યાર્થીઓ સાથે હાજર રહયા હતા તેમજ માર્ગદર્શક રાજુભાઈ જાદવ તથા સુનિલભાઈ જોગરાનો આભાર માન્યો હતો શાળા પરિવારને આ સિદ્ધિ માટે જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજે ટંડેલે અભિનંદન પાઠવી રાજય કક્ષા માટે શુભેચ્છાઓ આપી હતી.

## આસુરાની એસ.વી. પટેલ સાર્વજનિક માધ્યમિક શાળામાં કમ્પ્યુટર લેબનું ઉદ્ઘાટન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**ધરમપુર, તા.૨૨ :** શ્રી ધરમપુર સેવા મંડળ સંચાલિત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આસુરા ખાતે અત્યાધુનિક કોમ્પ્યુટર લેબનું લોકાર્પણ પૂર્વ આદિજાતિ અને અન્ન પુરવઠા મંત્રી અને વર્તમાન ગણદેવી વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય નરેશભાઈ પટેલ અને ધરમપુર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

નરેશભાઈ પટેલ પ્રાસંગિક ઉદબોધન વિદ્યાર્થીઓને ભાવિ ઘડતર માટે કોમ્પ્યુટર ટેકનોલોજીના મહત્વ અંગે વિગતે છણાવટ કરી હતી. ધરમપુર તાલુકાના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે સરકાર દ્વારા આપવામાં આવેલ કોમ્પ્યુટર લેબ માટેની ગ્રાન્ટ વિશેની માહિતી આપી સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

યોજાયેલ કાર્યક્રમમાં આસુરા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

## સિલ્ધા ખાતે આઈસીડીએસ દ્વારા 'પોષણ માહ'ની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૨ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના સિલ્ધા ગામ ખાતે આઈસીડીએસ કચેરી દ્વારા પોષણ માહની ઉજવણી કરવામાં આવી હતી.

દર વર્ષે તા.૧ થી તા.૩૦ સપ્ટેમ્બર સુધી પોષણ માહની ઉજવણી કરવામાં આવે છે. જે અન્વયે કપરાડા તાલુકામાં સિલ્ધા ગામ ખાતે સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત પોષણ માહની ઉજવણી કરવામાં આવી હતી. કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પણ પોષણ માહની ઉજવણીની મુલાકાત લીધી હતી. જેમાં આંગણવાડીના કાર્યકર બહેનો દ્વારા THR (Take Home Rashan) પેકેટ્સમાંથી વિવિધ વાનગી બનાવી વાનગી નિદર્શન કરી લોકોને જાગૃત કરવામાં આવ્યા.

પોષણ માહસંકલિત બાળહાર્દિ મીલેટ દ્વારા વાનગીમાં વિવિધતા લાવવા બાબતે સ્ટોલ પણ ઊભો કરવામાં આવ્યો હતો. આઈસીડીએસ દ્વારા મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાના ફાયદા તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ બાબતની બુક, પેમ્પફલેટ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. સેવાસેતુ કાર્યક્રમમાં આધાર કીટ ગોઠવી લોકોને આધાર અપડેટ માટેની સેવા પૂરી પાડવામાં આવી. કાર્યક્રમમાં બાળ વિકાસ યોજના અધિકારી, મુખ્ય સેવિકા, કાર્યકર બહેનો તથા તમામ સ્ટાફ હાજર રહ્યા હતા.

## ભંડારકચ્છ જય યોગેશ્વર યુવક મંડળ દ્વારા ગણેશ વિસર્જન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૨૨ :** કપરાડા તાલુકા વિવિધ ગામોમાં ગણેશ વિસર્જન ખુબ જ રંગે ચંગે ભક્તિભાવપૂર્ણ કરવામાં આવ્યું હતું. જેમાં ભંડારકચ્છ ગામના ફણસપાડા ખાતે જય યોગેશ્વર મંડળ દ્વારા પણ ગણેશ વિસર્જન ખૂબ જ ભક્તિભાવ સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું. એક જાણકારી મુજબ ભંડારકચ્છ ગામના ફણસપાડામાં વર્ષો થી ગણપતિની પ્રતિમાનું સ્થાપન કરવા માં આવે છે અને ખૂબ જ ભક્તિભાવ સાથે ગણપતિ ની પૂજા અર્ચના કરવામાં આવતી હોવાનું જાણવા છે.

આ વર્ષે પણ આ મંડળ દ્વારા ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરવા માં આવ્યું હતું. આ જ રોજ ગણેશ વિસર્જનના દિને ખૂબ જ ઉત્સાહ સાથે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દ્વારા રંગે ચંગે અને ખૂબ જ ભક્તિભાવ સાથે કોલક નદીમાં મૂર્તિનું વિસર્જન કરી ગણશજીને વિદાય આપી હતી.

## ધરમપુરની શાળામાં મેન્સ્ટ્રુઅલ હાઈજીન દિવસની ઉજવણી કરાઈ



**વલસાડ તા. ૨૨ :** મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા 'બેટી બચાવો બેટી પઢાઓ' અભિયાન હેઠળ વલસાડ જિલ્લાના મોડેલ સ્કૂલ માલનપાડા - ધરમપુર સ્કૂલની ૧૩૫ જેટલી વિદ્યાર્થીનીઓ સાથે મેન્સ્ટ્રુઅલ હાઈજીન દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મેડીકલ ઓફિસર ડૉ. ક્રિષ્ના પટેલ દ્વારા માસિકસ્રાવ બાબતે અને આયર્ન ગોળીઓ તેમજ પોષણ અંગે, DHEWના મિશન કોઓર્ડિનેટર જીજ્ઞેશ પટેલ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની યોજનાકીય માહિતી આપવામાં આવી. તેમજ બેટી બચાવો બેટી પઢાઓ યોજના, ગુડ ટચ બેડ ટચ, ચાઈલ્ડ હેલ્પલાઈન વિશેના વીડિયો દ્વારા માહિતી આપી વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેન્ટરના કાઉન્સિલર જ્યોતીબેન ગામીત દ્વારા સેન્ટરની માહિતી આપવામાં આવી. સાથે સાથે વિદ્યાર્થીનીઓ સાથે પ્રશ્નોતરી દ્વારા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળા આચાર્યા ડૉ. વર્ષાબેન પટેલ, શાળાના શિક્ષકો, DHEWના જેન્ડર સ્પેશિયાલીસ્ટ તુષાર પટેલ હાજર રહ્યાં હતા.

## બાઈક ઝાડ સાથે ભટકાતા પંગારબારીના યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૨ :** ધરમપુર તાલુકાના પંગારબારી ગામનાં હાવસરાજ શકારામ ગાયકવાડ ઉ. ૨૪ પોતાની બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતાં તેજ અરસામાં ગુદિયા નજીક અચાનક સ્ટેરીગ ઉપરથી કાબુ ગુમાવી દેતા હાવસરાજ શકારામ ગાયકવાડની બાઈક નં. જીજે ૧૫ ઈઈ ૬૭૦૨ એક સાદડાનાં ઝાડ સાથે અથડાતા યુવાનને મોઢા તથા માથાંમા અને જડબાનાં ભાગે ગંભીર ઈજા પહોચતાં છાતીના તથા શરીરનાં ભાગે ગંભીર ઈજા પહોંચતાં સારવાર મળે તે પહેલાં યુવાનનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જે અંગેની ફરિયાદ ધરમપુર પોલીસ મથકે શકયા રાજીરામ ગાયકવાડે આપતાં વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી

**'સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'ની થીમ સાથે**

## જિલ્લામાં દરેક તાલુકાઓમાં સ્વચ્છતાની કામગીરી કરાઈ

**વલસાડ, તા. ૨૨ :** સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતાની થીમ સાથે 'સ્વચ્છતા હી સેવા' કેમ્પેઈનનો ઉદેશ્ય વલસાડ જિલ્લાને સ્વચ્છ બનાવવાનો છે. આ અભિયાનમાં NGO(નોન ગવર્મેન્ટ ઓર્ગેનાઇઝેશન), ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને અન્ય સંસ્થાઓએ સહભાગી થઈ જિલ્લાના જુદા-જુદા સ્થળો પર સાફ-સફાઈ કામગીરી કરી હતી. ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીનપ ડે(૨૧-૦૯-૨૪) નિમિતે દરિયા કિનારાની સાફ સફાઈ કરવામાં આવી હતી.

ધરમપુર તાલુકાના લાકડમાળ ગામમાં લોક ભાગીદારીથી સાફ-સફાઈ, સ્વછતા શપથ, શાળામાં સ્વચ્છતા રેલી, કપરાડા તાલુકાનાં નળીમધની ગામમાં લોક ભાગીદારીથી સાફ-સફાઈ, શાળામાં સ્વચ્છતા હી સેવા અંગેની સમજ, રંગોળી, વેસ્ટ ટુ આર્ટ, સ્વચ્છતા શપથ, રેલી, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્રકામ જેવી વિવિધ પ્રવૃતિ, પારડી તાલુકાના ઉદવાડા ગામની શાળામાં ચિત્રકામ, વક્તૃત્વ સ્પર્ધા અને દરિયાકિનારે લોક ભાગીદારીથી સાફ-સફાઈ, ઉમરગામ તાલુકાના નગવાસ ગામની શાળામાં ચિત્રકામ સ્પર્ધા, વલસાડ તાલુકામાં ભગોદ ગામની શાળામાં સ્વછતા શપથ, સ્વચ્છતા અંગેની સમજણ, ચિત્રકામ, યોગા, વાપી તાલુકાના પંડોર ગામની શાળામાં સ્વચ્છતા શપથ, સ્વછતા અંગે સમજણ, નિબંધ સ્પર્ધા, ચિત્રકામ, રંગોળી જેવી વિવિધ પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી. વધુમાં વલસાડ તાલુકાના અતુલ ગામમાં ભ્ષ્ય યુનિટમાં નકામા ટાયરમાંથી વિવિધ બનાવટો બનાવી વેસ્ટ ટુ આર્ટનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.


દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


## ગ્રામ પંચાયતમાં રેશનકાર્ડને આધાર નંબર સાથે સીડ કરાવી e -KYC કરાવી શકાશે

**વલસાડ, તા. ૨૨ :** ભારત સરકાર દ્વારા સાચા લાભાર્થીઓની ઓળખ માટે લાભાર્થીઓના રેશનકાર્ડને આધાર નંબર સાથે સીડ કરી સાચા અને તે જ વ્યક્તિના આધાર નંબરો સીડ થાય તે માટે ૧૦૦ ટકા e-KYC કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત વલસાડ જિલ્લામાં પણ કામગીરી કરવામાં આવી રહી છે. e-KYC ની કામગીરી અરજદાર જાતે એપ્લિકેશન મારફતે પણ કરી શકે છે. આ ઉપરાંત અરજદારો ગ્રામ પંચાયત કચેરી ખાતે મારફતે આ કામગીરી પૂર્ણ કરી શકે છે. VCE ની કામગીરી માટે સરકારશ્રી દ્વારા ગ્રામ પંચાયત કચેરી ખાતે ઉપલબ્ધ સુવિધાનો વધુમાં વધુ લાભ લઈ ૧૦૦ ટકા e-KYC ની કામગીરી પૂર્ણ કરવા મામલતદાર વલસાડ (ગ્રામ્ય)એ જાહેર જનતાને અપીલ કરી છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 23, September 2024


## છીછરું રાજકારણ

બિહારના નવાદા જિલ્લામાં દલિતોના ઘરોમાં આગચંપીની ઘટના જેટલી દુર્ભાગ્યપૂર્ણ અને ચિંતાજનક છે, એટલી જ શરમજનક છે એ ઘટના પર કરાઈ રહેલી છીછરી રાજનીતિ. આ ઘટનાને લઈને એવો માહોલ બનાવીને દેશને ગુમરાહ કરવામાં આવી રહ્યો છે કે દબંગોએ દલિતોનાં ઘરોને આગ ચાંપી દીધી, કારણ કે તથ્ય એ છે કે આઘટના દલિતોના બે વર્ગો વચ્ચેના વિવાદનું પરિણામ છે. તેમાં પીડિત પક્ષના લોકો મુસહર જાતિના છે, જેમને બિહારમાં મહાદલિત કહેવામાં આવે છે અને આગચંપી કરનારા પાસવાન જાતિના, જે દલિત છે. આમ ઘટનામાં પીડિત પણ દલિત છે અને ઉત્પીડક પણ દલિત જ છે! તેમ છતાં વિરોધ પક્ષોએ તેમાં છીછરું રાજકારણ ઘુસાડીને દેશમાં આગ લગાવવાનો પ્રયાસ કર્યો છે. આ ઘટનાના મૂળમાં જમીનને લઈને બે પક્ષો વચ્ચેનો વિવાદ છે, જે લાંબા સમયથી ચાલતો આવ્યો છે અને જે ન્યાયાલય સમક્ષ પણ વિચારાધીન છે. આ ઘટના સામે આવતાં જ એનડીએ વિરોધી પક્ષોના નેતાઓએ જે પ્રકારે નિવેદનો આપ્યાં, તેનાથી જો કંઈ સ્પષ્ટ થાય છે તો એ જ કે જાતીય વૈમનસ્ય ભડકાવવાનું બેહદ હલકી કક્ષાનું અને ખતરનાક રાજકારણ રમાઈ રહ્યું છે. નવાદાની ઘટનાને લઈને જાતીય વૈમનસ્ય ભડકાવવાનું કામ કેવી રીતે કરાઈ રહ્યું છે તેની જાણ કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીના એ કથનથી થાય છે કે આ ઘટના બહુજનો વિરુદ્ધ અન્યાયની ડરામણી તસવીર ઉજાગર કરી રહી છે! શું રાહુલ ગાંધીએ પાસવાન સમાજને બહુજનોની યાદીમાંથી બહાર કરી દીધા? જો બહાર કરી દીધા હોય તો કેમ અને કેવી રીતે? આ જ પ્રશ્ન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પણ કરવો જોઈએ, જેમણે રાહુલ ગાંધીની હામાં હા કરીને એક નિવેદન ભરડી માર્યું. સમજી શકાય કે તેમની બિચારાની મજબૂરી હશે, પરંતુ તેઓ ખુદ અનુસૂચિત જાતિના છે અને તેમને તો વસ્તુસ્થિતિનું જ્ઞાન હોવું જ જોઈએ! રાહુલ ગાંધીએ નવાદાની ઘટના પર એમ પણ કહ્યું કે ભાજપ અને તેના સહયોગી પક્ષોના નેતૃત્વમાં એવા અરાજક તત્ત્વો શરણ પામે છે, જે ભારતના બહુજનોને ડરાવે-દબાવે છે, જેથી તે પોતાના સામાજિક અને બંધારણીય અધિકાર પણ માગી ન શકે. તેઓ આટલેથી જ ન અટક્યા, તેમણે એમ પણ કહી નાખ્યું કે વડાપ્રધાનનું મૌન આ મોટા ષડયંત્ર પર સ્વીકૃતિની મહોર છે! તેમનું માનીએ તો બહુજનો વિરુદ્ધ કોઈ ષડયંત્ર રચવામાં આવ્યું છે, જેમાં વડાપ્રધાન પણ સામેલ છે. તેમના આ બાલિશ નિવેદન પર હસવું જ આવે! નવાદાની ઘટનાના દોષીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી જરૂરી છે, પરંતુ તેની નિંદા કરવાના બહાને સામાજિક તાણાવાણામાં આગ લગાડવાની પરવાનગી કોઈને આપી ન શકાય. દુર્ભાગ્યે રાહુલ ગાંધી એક લાંબા સમયથી જ આ જ કામ કરી રહ્યા છે. તેઓ ક્યારેક જાતિ જનગણના અને ક્યારેક અનામતની તરફદારી કરવાના બહાને દેશની સામાજિક એક્તા પર પ્રહાર કરી રહ્યા છે. જે લોકો એસસી-એસટી અનામતના ઉપવર્ગીકરણના વિરોધમાં ઊભા થયા છે, તેમને નવાદાની ઘટનાથી એ પણ સજાઈ જાય તો સારું કે એસસી-એસટી સમાજની જાતિઓમાં એવી એક્તા નથી, જેવી તેઓ પોતાની રાજનીતિ ચમકાવવા માટે જણાવી રહ્યા છે.

### ભારતની અમેરિકા સાથે મેગા ડ્રોન ડીલ

# ભારત ખરીદશે આકાશ-સમુદ્રના 'ગાર્ડિયન'

### કોલકાતામાં સ્થપાશે સેમિકન્ડક્ટર પ્લાન્ટ, મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન વચ્ચેની મુલાકાતે બંને દેશો વચ્ચેના સંરક્ષણ સહયોગને નવો આયામ આપ્યો છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૨૨:વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસીય અમેરિકાના પ્રવાસે છે. તેમણે QUAD સમિટમાં ભાગ લીધો હતો. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન સાથે પણ તેમની મહત્વપૂર્ણ દ્વિપક્ષીય મુલાકાત હતી. આ બેઠકમાં બંને નેતાઓએ વૈશ્વિક અને વ્યૂહાત્મક જોડાણને વધુ મજબૂત કરવાની વાત કરી હતી. ભારતે આકાશ અને સમુદ્રની સુરક્ષા માટે અમેરિકા પાસેથી MQ-9B ગાર્ડિયન ડ્રોન ખરીદ્યું છે, જે મેગા ડીલમાં સામેલ છે.

ખાસ કરીને સંરક્ષણ સહયોગ પર કેન્દ્રિત આ બેઠકમાં બંને નેતાઓએ ઘણા મહત્વપૂર્ણ કરારો પર ચર્ચા કરી જે ભારત અને અમેરિકાની શાંતિ અને સુરક્ષાને મજબૂત કરશે. ૭ મુદ્દાઓમાં જાણો બેઠકમાં કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ?

MQ-9B ડ્રોનની ખરીદી: વડાપ્રધઆન મોદી સાથેની બેઠકમાં રાષ્ટ્રપતિ બાઈડને ભારત દ્વારા ૩૧ MQ-9B ડ્રોનની ખરીદીની પ્રશંસા કરી. આ અદ્યતન ડ્રોન ભારતની ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને રિકોનિસન્સ (ISR) ક્ષમતામાં વધારો કરશે. તેમાંથી ૧૬ ડ્રોન સ્કાય ગાર્ડિયન (હવાઈ સુરક્ષા માટે) અને સી ગાર્ડિયન (દરિયાઈ સુરક્ષા માટે) છે. ભારતની આ પહેલથી જમીન, સમુદ્ર અને અવકાશ ક્ષેત્રે ભારતના સુરક્ષા દળોને મજબૂત કરવામાં મદદ કરશે.

સેમિકન્ડક્ટર પ્લાન્ટ: વડાપ્રધાન મોદી અને યુએસ પ્રમુખે કોલકાતામાં એક નવો સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ સ્થાપવા અંગે ચર્ચા કરી, જે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને બંને દેશો વચ્ચે એડવાન્સ સેન્સિંગ, કોમ્યુનિકેશન અને નેક્સ્ટ જનરેશન ટેલિકોમ્યુનિકેશન અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા પર ફોકસ છે. પીએમ મોદીએ કહ્યું કે આ પગલાથી ભારત સેમી, થર્ડટેક અને યુએસ સ્પેસ ફોર્સ વચ્ચે વ્યૂહાત્મક તકનીકી ભાગીદારી દ્વારા સક્ષમ બનશે.

અદ્યતન લશ્કરી પ્રણાલીઓનું સહ-ઉત્પાદન: બંને નેતાઓએ ભારત-યુએસ સંરક્ષણ ઔદ્યોગિક સહકાર રોડમેપની પ્રશંસા કરી. આ રોડમેપ હેઠળ, જેટ એન્જિન, દારૂગોળો અને ગ્રાઉન્ડ મોબિલિટી સિસ્ટમ્સ જેવા ભારે સાધનો અને હથિયારોનું નિર્માણ કરવામાં આવે છે. આ મહત્વપૂર્ણ સહયોગમાં દરિયાઈ સુરક્ષાને વધારવા માટે લિક્વિડ રોબોટિક્સ અને ભારતના દરિયાઈ સંરક્ષણ એન્જિનિયરિંગ માનવરહિત સપાટી પરના વાહનોના ઉત્પાદન પર પણ ભાર મૂકવામાં આવશે.

MRO ઈકોસિસ્ટમ: ભારતમાં સંરક્ષણ સંબંધિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે, PM મોદીએ MRO સેક્ટર એટલે કે જાળવણી, સમારકામ અને ઓવરહોલિંગ સેક્ટરમાં GST દર ઘટાડીને ૫ ટકા કર્યા છે. આ સાથે અમેરિકન કંપનીઓ આ ક્ષેત્રમાં પ્રવેશ કરે તેવી અપેક્ષા છે. અમેરિકન કંપનીઓએ ભારતમાં MRO સેક્ટરમાં પરિવર્તન લાવવાનું વચન આપ્યું છે. અમેરિકન કંપનીઓ ભારતમાં માનવરહિત વાહન રિપેરિંગ સુવિધાઓ વિકસાવવા માટે મોટા પાયે રોકાણ કરવા માંગે છે.

C-130J સુપર હર્ક્યુલસ એગ્રીમેન્ટ : લોકહીડ માર્ટિન અને ટાટા એડવાન્સ સિસ્ટમ્સે ભારતમાં C-130J સુપર હર્ક્યુલસ એરક્રાફ્ટ માટે સ્ઈ સુવિધા સ્થાપવા માટે ઐતિહાસિક કરાર કર્યો છે. આ ન માત્ર ભારતીય ફ્લીટ માટે સહાયક બનશે પરંતુ એરક્રાફ્ટના ગ્લોબલ ઓપરેટરોની જરૂરિયાતોને પણ પૂરી કરશે. ઉદાહરણ તરીકે, આનાથી આત્મનિર્ભરતા આવશે.

INDUS-X ઈનોવેશન એન્ડ કોલાબોરેશન : ૨૦૨૩ માં શરૂ કરાયેલ ભારત-યુએસ ડિફેન્સ એક્સિલરેશન ઈકોસિસ્ટમ (INDUS-X), સરકારો, વ્યવસાયો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેના સહયોગને પ્રોત્સાહન આપ્યું છે અને બંને નેતાઓ બેઠકમાં આને વધુ વિસ્તૃત કરવા સંમત થયા હતા. સિલિકોન વેલીમાં તાજેતરમાં યોજાયેલી INDUS-X સમિટે ભારતના iDEX (ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ) અને યુએસ ડિફેન્સ ઈનોવેશન યુનિટ (DIU) વચ્ચેના સહયોગને પ્રોત્સાહન આપ્યું છે. આ ક્ષેત્રમાં બંને દેશો વચ્ચેની ભાગીદારી એક ટ્રિલિયન ડોલરની છે અને ભારતીય કંપનીઓ દરિયાની અંદરના સંચાર અને મેરીટાઈમ ISR ટેક્નોલોજી પર કામ કરી રહી છે.

દ્વિપક્ષીય સૈન્ય અભ્યાસ અને લાયઝન ઓફિસર્સ: વડાપ્રધાન મોદી અને જો બિડેન સંયુક્ત લશ્કરી કવાયતની જરૂરિયાતોને સમજે છે. ભારત દ્વારા આયોજિત અત્યાર સુધીની સૌથી મોટી દ્વિપક્ષીય, ત્રિ-સેવા કવાયત, TIGER TRIUMPH ૨૦૨૪ સાથે આ દિશામાં સહકારને વધુ ગાઢ બનાવવાની જરૂરિયાત અનુભવાઈ હતી. આ ઉપરાંત, બંને નેતાઓએ ભારત અને અમેરિકા વચ્ચે સંપર્ક કાર્યાલયો તૈનાત કરવાના નિર્ણયનું પણ સ્વાગત કર્યું, જે વાસ્તવિક સમયના સહયોગમાં વધારો કરશે, ખાસ કરીને યુએસ સ્પેશિયલ કોઓપરેશન કમાન્ડ (SOCOM) સાથે. સાયબર સ્પેસ ડિફેન્સ કોઓપરેશન: બંને નેતાઓએ એડવાન્સ્ડ ડિફેન્સ સેક્ટર સહિત સાયબર અને સ્પેસ સેક્ટરમાં સહયોગ વધારવા પર પણ ચર્ચા કરી હતી. નવેમ્બર ૨૦૨૪માં યોજાનારી સાયબર એંગેજમેન્ટમાં થ્રેટ ઈન્ફોર્મેશન શેરિંગ, સાયબર સિક્યોરિટી ટ્રેનિંગ અને ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ઉપરાંત, મે ૨૦૨૪ માં યોજાયેલી યુએસ-ભારત એડવાન્સ્ડ ડોમેન્સ ડિફેન્સ ડીલ સંરક્ષણ ક્ષેત્રમાં ઘણી મોટી કવાયતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેણે અવકાશ સુરક્ષા ક્ષેત્રને પ્રોત્સાહન આપ્યું છે.

ભારત અને અમેરિકા સંરક્ષણ વ્યૂહરચનાઓ પર સતત તેમનો સહયોગ વધારી રહ્યા છે, આ સહકારથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર વધુ મુક્ત અને ખુલ્લો રહેશે. નવીનતા, ટેકનોલોજી અને પરસ્પર સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી બંને દેશો વચ્ચે સૈન્ય સહયોગ, વૈશ્વિક શાંતિ અને સુરક્ષા વધારવામાં મદદ મળશે.

### આતંકવાદ-વિપક્ષ-પાકિસ્તાનને અમિત શાહનો જવાબ

# ગોળીનો જવાબ ગોળીથી જ અપાશે, કલમ ૩૭૦ ફરી નહીં આવે : શાહ

### કોંગ્રેસે જમ્મુ-કાશ્મીરમાંથી તેના અધિકારો છીનવી લીધા, કાશ્મીરના લોકોને ૭૦ વર્ષથી તેમનો અધિકાર મળ્યો નથી : શાહ

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ, તા.૨૨:કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ-કાશ્મીરના નૌશેરામાં ચૂંટણી જાહેરસભાને સંબોધિત કરતા નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં આ બંને પક્ષોની સરકાર નહીં બને.

કોંગ્રેસે જમ્મુ-કાશ્મીરમાંથી લોકોના અધિકારો છીનવી લીધા હતા. કાશ્મીરના લોકોને ૭૦ વર્ષથી તેમનો અધિકાર મળ્યો નથી. કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ કાશ્મીરમાં લોકોને તેમના વાસ્તવિક અધિકારો મળ્યાં છે. વિપક્ષ કલમ ૩૭૦ પરત લાવવાની વાત કરી રહ્યો છે. પરંતુ હવે જમ્મુ કાશ્મીરમાં ક્યારે કલમ ૩૭૦ ફરી પાછી નહીં આવે.

શાહે કહ્યું કે આજે જમ્મુ-કાશ્મીરમાં આપણો ત્રિરંગો આન, બાન અને શાનથી લહેરાયો છે, પરંતુ કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સના લોકો કહે છે કે, તેઓ શેખ અબ્દુલ્લાનો ઝંડો પાછો લાવવા માંગે છે. ફારુક સાહેબ, તમે ઈચ્છો તેટલું બળ વાપરોપ પણ હવે કાશ્મીરમાં ફક્ત આપણો પ્રિય ત્રિરંગો જ લહેરાશે. ગોળીઓનો જવાબ ગોળીઓથી આપવામાં આવશે. મોદી સરકારે આતંકવાદને નરકમાં દાટી દીધો છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, જ્યાં સુધી જમ્મુ-કાશ્મીરમાંથી આતંકવાદ ખતમ નહીં થાય ત્યાં સુધી અમે પાકિસ્તાન સાથે વાત નહીં કરીએ. આતંકવાદ ખતમ થયા પછી જ પાકિસ્તાન સાથે વાતચીત થશે. વિપક્ષ નિયંત્રણ રેખા ઉપર વેપાર પુનઃસ્થાપિત કરવા અને પથ્થરબાજોને મુક્ત કરવા માંગે છે. હું તમને ખાતરી આપું છું કે જમ્મુ-કાશ્મીરમાં કોઈ આતંકવાદી આઝાદીથી ફરી શકશે નહીં.

તેમણે કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં ૩૦ વર્ષ સુધી આતંકવાદ ચાલુ રહ્યો. જમ્મુ-કાશ્મીરમાં ૩૦ વર્ષમાં ૩ હજાર દિવસ કર્ફ્યુ હતો. ૪૦ હજાર લોકો માર્યા ગયા. ફારૂક સાહેબ, તે દિવસોમાં તમે ક્યાં હતા? કાશ્મીર સળગી રહ્યું હતું ત્યારે ફારૂક સાહેબ લંડનમાં આરામથી રજા માણી રહ્યા હતા. મોદીજી આવ્યા ત્યારે અમે એક એક આતંકવાદીઓને વીણી વીણીને ખતમ કર્યા.

શાહે કહ્યું કે, કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સે કહ્યું છે કે અમે પહાડી, ગુર્જર બકરવાલ, દલિત, વાલ્મિકી અને ઓબીસી સમુદાયોને આપવામાં આવેલા આરક્ષણ પર પુનર્વિચાર કરીશું. રાહુલ ગાંધી અમેરિકા જઈને અનામત ખતમ કરવાની વાત કરે છે. હવે તેમનો વિકાસ થયો છે, તેમને હવે અનામતની જરૂર નથી. રાહુલ બાબા, અમે તમને આરક્ષણ દૂર કરવા નહીં દઈએ.

### ક્વાડ નેતાઓએ પીએમ મોદીની કરી પ્રશંસા

# હિંદ મહાસાગરમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે

### ઓસ્ટ્રેલિયન પીએમએ કહ્યું કે, મોદીના નેતૃત્વમાં તે હિંદ મહાસાગરમાં એક મહાસત્તા તરીકે ઉભરી આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૨: અમેરિકાના ડેલાવેરમાં યોજાયેલી ક્વાડ સમિટમાં, ક્વાડના નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખૂબ વખાણ કર્યા હતા. હિંદ મહાસાગરમાં ભારતની ભૂમિકા માટે તેમની પ્રશંસા કરવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે કહ્યું કે, પીએમ મોદીના નેતૃત્વમાં તે હિંદ મહાસાગરમાં એક મહાસત્તા તરીકે ઉભરી આવી છે. તે જ સમયે, અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું કે અમેરિકાએ પણ ભારતના અનુભવોમાંથી ઘણું શીખવાની જરૂર છે. જાપાનના પીએમ ફ્યુમિયો કિશિદાએ કહ્યું કે, તેઓ વોઈસ ઓફ ગ્લોબલ સાઉથ સમિટના સંગઠનને સમર્થન આપશે.

સમિટમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ક્વાડ કોઈની વિરુદ્ધ નથી પરંતુ તે નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને સાર્વભૌમત્વના પક્ષમાં છે. મુક્ત, ખુલ્લું, સર્વસમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક અમારી પ્રાથમિકતા છે. અમે બધા નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને તમામ મુદ્દાઓને શાંતિપૂર્ણ રીતે ઉકેલવાના સમર્થનમાં છીએ. અમે સાથે મળીને આરોગ્ય સુરક્ષા, નિર્ણાયક અને ઉભરતી તકનીકો, આબોહવા પરિવર્તન, ક્ષમતા નિર્માણ જેવા ક્ષેત્રોમાં ઘણી સકારાત્મક અને સમાવિષ્ટ પહેલ કરી છે.

પીએમ મોદીએ કહ્યું કે, ક્વાડના નેતાઓ અહીં એવા સમયે એકઠા થયા છે જ્યારે સમગ્ર વિશ્વ તણાવ અને સંઘર્ષથી ઘેરાયેલું છે. આવા સમયે, ક્વાડ માટે તેના લોકતાંત્રિક મૂલ્યો સાથે મળીને કામ કરવું સૌથી મહત્વપૂર્ણ છે. અમારો સંદેશ સ્પષ્ટ છે કે ક્વાડ રહેશે. વાસ્તવમાં પીએમ મોદીનો આખો ઈશારો ચીન તરફ હતો. ચીન સમગ્ર દક્ષિણ ચીન સમુદ્ર પર સાર્વભૌમત્વનો દાવો કરે છે, જ્યારે વિયેતનામ, મલેશિયા, ફિલિપાઈન્સ, બ્રુનેઈ અને તાઈવાન પણ તેનો દાવો કરે છે.

તમને જણાવી દઈએ કે, વડાપ્રધાન મોદી ત્રણ દિવસીય અમેરિકા પ્રવાસ પર છે. આજે તેમના પ્રવાસનો બીજો દિવસ છે. QUAD સમિટમાં ભાગ લીધા બાદ વડાપ્રધાન મોદી ન્યૂયોર્ક પહોંચ્યા. તેઓ આજે ન્યૂયોર્કના લોંગ આઈલેન્ડમાં ભારતીય સમુદાયને સંબોધિત કરશે. આ પછી, આવતીકાલે તેઓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં 'સમિટ ઓફ ધ ફ્યુચર' કાર્યક્રમને સંબોધિત કરશે.

ક્વાડ એ ચાર દેશોનો સમૂહ છે, જેમાં ઓસ્ટ્રેલિયા, ભારત, અમેરિકા અને જાપાનનો સમાવેશ થાય છે. ક્વાડ દેશોનો ઉદ્દેશ્ય દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવાનો છે. આ સંસ્થા ૨૦૦૭માં શરૂ કરવામાં આવી હતી. પરંતુ ૨૦૦૮માં ઓસ્ટ્રેલિયાની પીછેહઠ બાદ તે બંધ થઈ ગયું. તે ૨૦૧૭ માં ફરી શરૂ કરવામાં આવ્યું હતું. ચીન આ સંગઠનથી નારાજ છે. તેનુ માનવું છે કે, ક્વાડની રચના માત્ર ચીનને જવાબ આપવા માટે કરવામાં આવી છે. ક્વાડનું કાર્ય નેવિગેશનની સ્વતંત્રતા અને આંતરરાષ્ટ્રીય કાયદાઓને માન આપીને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સુરક્ષા અને સ્થિરતા જાળવવા માટે નિયમ આધારિત સિસ્ટમ બનાવવાનું છે.

### ફરી ટ્રેન ઉથલાવવાનું કાવતરું!

# કાનપુરમાં ટ્રેક પર ગેસ સિલિન્ડર મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

કાનપુર, તા.૨૨: ઉત્તર પ્રદેશના કાનપુરમાં ફરી એકવાર ટ્રેનને ઉડાવી દેવાનું ષડયંત્ર સામે આવ્યું છે. કાનપુર દેહાત જિલ્લામાં રેલવે ટ્રેક પર એક નાનો ગેસ સિલિન્ડર મળ્યો છે, જે અથડાય તો મોટી દુર્ઘટના થઈ શકે છે. નોંધનીય છે કે, અગાઉ કાનપુરમાં કાલિંદી એક્સપ્રેસને ઉથલાવવાનું કાવતરું રચવામાં આવ્યું હતું. આ માટે એલપીજી સિલિન્ડર રેલવે ટ્રેક પર રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત રેલવે લાઈન પાસે પેટ્રોલ અને ગનપાઉડર પણ મળી આવ્યા હતા.

અહેવાલો અનુસાર, ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ ડિવિઝનના પેરમ્બુર રેલવે સ્ટેશન પાસે રેલવે ટ્રેક પર ન્યો નાનો સિલિન્ડર મળ્યો હતો. માલગાડી અહીંથી પસાર થવાની હતી ત્યારે લોકો પાયલટે ટ્રેનને રોકી દીધી હતી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. જે જગ્યાએ રેલવે ટ્રેક પર ગેસ સિલિન્ડર મળ્યો તે કાનપુર દેહાત જિલ્લામાં છે.

રેલવે પ્રોટેક્શન ફોર્સના એસપીએ જણાવ્યું કે, 'પાંચ કિલોની ક્ષમતાવાળું એલજીપીનું ખાલી સિલિન્ડર રેલવે ટ્રેક પર રાખવામાં આવ્યું છે. ટ્રેનની સ્પીડ ધીમી હાવાથી લોકો પાયલોટે સિલિન્ડર પર નજર પડી ત્યારે તેમણે ઈમરજન્સી બ્રેક લગાવી અને પછી અધિકારીઓને જાણ કરી. આરપીએફએ આ મામલે તપાસ શરૂ કરી છે. ઉપરાંત સ્થાનિક પોલીસને પણ આ માહિતી આપવામાં આવી છે.' ઉલ્લેખનીય કે, પશ્ચિમ રેલવે, વડોદરા ડિવીઝનને શનિવાર (૨૧મી સપ્ટેમ્બર) એક વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે,'કેટલાક અજાણ્યા લોકોને કીમ રેલવે સ્ટેશન નજીક યુપી લાઈન ટ્રેક પરથી ફિશ પ્લેટ અને ચાવીઓ ખોલીને તેને ટ્રેક પર મૂકી દીધી હતી, ત્યારબાદ ટ્રેનની અવર-જવર બંધ કરી દેવામાં આવી હતી. જોકે ઝડપથી જ લાઈન પર ટ્રેન સેવા શરૂ કરી દેવામાં આવી હતી.'

### અગ્નિકાંડ બાદ એક્શનમાં સરકાર

# રાજ્ય સરકાર દ્વારા નવરાત્રીના નિયમો કડક બનાવવામાં આવ્યા

### આરોગ્યથી માંડીને સુરક્ષાની તમામ વ્યવસ્થા કરાશે આ વખતે સરકારી તંત્ર કોઈ જ જોખમ લેવા નથી માગતું

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૨: આગામી ૩ ઓક્ટોમ્બરથી નવરાત્રી શરુ થવા જઈ રહી છે તે પહેલા હવે નવરાત્રીને લઈને સરકારે નિયમો જાહેર કર્યા છે. સરકાર આ વખતે TRP ગેમ ઝોન અગ્નિકાંડ એક્શનમાં છે આથી આવનાર નવરાત્રીને લઈને નિયમો કડક કરી દેવામાં આવ્યા છે. નવરાત્રીમાં ગરબા રમવા લોકો મોટા ગ્રાઉન્ડમાં ભેગા થશે. જોકે આ વખતે સરકારી તંત્ર કોઈ જ જોખમ લેવા નથી માગતું એટલે જ લોકમેળાના વિવાદ બાદ આ વખતે નવરાત્રીના પણ નિયમો પણ કડક બનાવવામાં આવ્યા છે. જેમાં ખાનગી ગરબા આયોજકો માટે અલગ અલગ નિયમોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. ખાસ કરીને ગરબાના આયોજકોએ આ સરકારની ગાઈડલાઈનનું પાલન કરવું પડશે. TRP ગેમઝોન કાંડ પછી તંત્ર એક્શનમાં છે. ત્યારે નવરાત્રીના આયોજકો કડક નિયમો બનાવ્યા છે. જેમાં નાગરિકોની સુરક્ષા માટે ઈન્સ્યોરન્સ પોલીસી જોઈશે સાથે ઝઝફ ફરજિયાત રાખવા પડશે. સિક્યુરિટી સાથે કોન્ટ્રાક્ટ પણ રજૂ કરવાનો રહેશે અને ફાયર સુવિધા, ઈલેક્ટ્રીક સાધનોના અધિકૃત વિગતો આપવાની રહેશે. ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સ અને ડોકટર સ્થળ પર હાજર રહેશે અને ખાણી પીણી સ્ટોલ માટે ફૂડ ઈન્સ્પેકટરની મંજૂરી

આ તરફ નવરાત્રીની sop મામલે ઋષિકેશ પટેલે કહ્યું છે કે આ વખતે ગુજરાતના સૌથી મહત્વના તહેવારને લઈને સરકારી તંત્ર સજ્જ છે. તેમણે કહ્યું કે આરોગ્યથી માંડીને સુરક્ષાની તમામ પ્રકારની વ્યવવસ્થા ગોઠવવામાં આવશે.

### ૪ મહિનાના પુત્રએ ગુમાવી પિતાની છત્રછાયા

# રાજકોટમાં ૨૮ વર્ષના યુવકનું ડેન્ગ્યુથી મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ, તા.૨૨: રાજકોટ શહેરમાં રોગચાળો વધી રહ્યો છે ત્યારે ઉપલાકાંઠા વિસ્તારના ૨૮ વર્ષના યુવકનું ડેન્ગ્યુથી મૃત્યુ થયું છે. તાવમાં પટકાયા બાદ યુવકનો ડેન્ગ્યુનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો અને બે દિવસની સારવાર બાદ તેણે અંતિમ શ્વાસ લીધા.

આ અંગે સામે આવેલી માહિતી અનુસાર મોરબી રોડ પરની સેટેલાઈટ સોસાયટીમાં રહેતા જય સુભાષભાઈ રેણપરા (ઉ.વ.૨૮)ને બે દિવસથી તાવ આવતો હતો. તેની તબિયત લથડતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને તેને ડેન્ગ્યુ હોવાનો રિપોર્ટ આવ્યો હતો. તબીબો દ્વારા જયની સારવાર શરૂ કરવામાં આવી હતી, પરંતુ શુક્રવારે રાત્રે જયનું મૃત્યુ થયું હતું. જયના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, જય ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઓટો કન્સલ્ટન્ટનું કામ કરતો હતો. તેના પિતા ઓટો પાર્ટસની દુકાન ચલાવે છે.

જય રેણપરા પરિવારનો એકનો એક પુત્ર હતો અને જયને સંતાનમાં ચાર મહિનાનો પુત્ર છે. જયનાં મોતથી રેણપરા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. રાજકોટ શહેરમાં ડેન્ગ્યુ સહિતના રોગથી મૃત્યુનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, પરંતુ આરોગ્ય તંત્રના ચોપડે હજુ સુધી એક પણ મોત નોંધાયું નથી. જો કે ખાનગી હોસ્પિટલના ડેન્ગ્યુ અંગેના આંકડા ચકાસવામાં આવે તો સત્ય વિગતો બહાર આવી શકે તેમ છે.

વડોદરા શહેરમાં પણ મચ્છરજન્ય રોગચાળો વધી રહ્યો છે. ડેન્ગ્યૂના દર્દીઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. તો બીજી તરફ આરોગ્ય વિભાગ માત્ર બીબાઢાળ પદ્ધતિથી ચાલતો હોવાનું જણાતાં ધારાસભ્ય યોગેશ પટેલ દ્વારા સંકલનની બેઠકમાં સૂચન કરવામાં આવ્યું હતું કે, ખાનગી હોસ્પિટલોને સાથે રાખી તેમની મદદથી નાગરિકોનું આરોગ્ય સુધરે તે માટે કાર્ય કરવું જોઈએ. જેને પગલે વડોદરા કોર્પોરેશનનો આરોગ્ય વિભાગ દોડતો થયો છે. બીજી તરફ ડેન્ગ્યૂના વધુ ૫ અને મલેરિયાના શંકાસ્પદ ૧૦૩૩ દર્દીઓ નોંધાયા હતા.

# સુરતમાં અંતે નકલી નોટો છાપવાનું કારખાનું પકડાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૨૨:સુરત પોલીસને મળી મોટી સફળતા મળી છે. સુરતના સરધાના વિસ્તારમાં નકલી નોટ છાપવાનું મીની કારખાનું સુરત એસઓજી પોલીસે ઝડપી પાડ્યું છે. સાથે જ એક લાખ રૂપિયાની નોટો પણ પોલીસે કબજે કરી છે. સુરત એસ.ઓ.જી પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓ કોમ્પ્યુટર પર અસલી નોટ સ્કેન કરી કલરપ્રિન્ટથી નકલી નોટ બનાવતા હતા. આરોપીઓ દ્વારા રૂપિયા સૌના દરની નોટો બનાવવામાં આવતી હતી.

આરોપીઓ કોમ્પ્યુટર પર નોટો બનાવીને કલર પ્રિન્ટરથી નકલી નોટો છાપતા હતા. ખાસ કરીને ૧૦૦ના દરની નકલી નોટો બનાવતા હતા. શહેરના યોગીચોકના એપલ સ્ક્વેરમાં આ ગોરખધંધો ચાલતો હતો. પોલીસે ૩ આરોપીઓ સાથે ૧૦૦ના દરની એક લાખની નકલી નોટો સહિત ૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### ૫૦૦ એકરની જમીન માટે લેવાયો મોટો નિર્ણય

# ૨૦૨૯નું યુથ ઓલિમ્પિક અને ૨૦૩૬ની ઓલિમ્પિક રમતો રમાડાશે


(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૨:૨૦૨૯નું યુથ ઓલિમ્પિક અને ૨૦૩૬ની ઓલિમ્પિક રમતો રમાડાશે. જેના માટે અત્યારથી જ આયોજનો થઈ રહ્યાં છે. આગામી યૂથ ઓલિમ્પિક ૨૦૨૯ અને ઓલિમ્પિક ૨૦૩૬ના યજમાન બનવા ગુજરાતે અત્યારથી જ તૈયારીઓ આરંભી છે. ત્યારે અમદાવાદ ગોધાવી ગામમાં મોટું આયોજન થઈ રહ્યું છે. ઓલિમ્પિક માટે અમદાવાદના ગોધાવી ખાતે ૫૦૦ એકરની એગ્રિકલ્ચર ઝોનને રદ કરાયો છે. તેના બદલે તેને પ્રતિબંધિત સંસ્થાકીય, રમતગમત (ખેલકૂદ) અને આનંદપ્રમોદની પ્રવૃત્તિઓ માટે રિઝર્વ જાહેર કરાયો છે. અમદાવાદમાં ઓલિમ્પિક માટે ભવ્ય તૈયારી થઈ રહી છે. ઔડા દ્વારા વર્ષ ૨૦૧૪ માં ગોધાવીની જમીનને ખેતી માટે અનામત જાહેર કરાઈ હતી. ત્યારે આ જમીનમાં મોટો ફેરફાર કરાયો છે. શહેરી વિકાસ વિભાગે ૧૨ સપ્ટેમ્બરે આ અંગેનું નોટિફિકેશન જાહેર કર્યું છે. જેમાંથી ૫૦૦ એકરની જમીનનું એગ્રિકલ્ચર ઝોન કેન્સલ કરાયું છે. તેને બદલે તેને પ્રતિબંધિત સંસ્થાકીય, રમતગમત (ખેલકૂદ) અને આનંદપ્રમોદની પ્રવૃત્તિઓ માટે રિઝર્વ જાહેર કરાયો છે. આ જમીનને રેવન્યુ સર્વે નંબરની જમીન હ્વઢ૩ ઝોન હેઠળ આવરી લેવાઈ છે. તેથી હવે આ જમીન પર હાઉસિંગ, કોર્મશિયલ અને રિટેલ જેવી અન્ય કોઈ જ પ્રવૃત્તિઓને મંજૂરી નહિ આપવામાં આવે.

ગત વર્ષે ઓલિમ્પિક સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે, રમત-ગમત રાજ્ય મંત્રી અને રમત-ગમત અગ્ર સચિવ તથા વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. ઔડા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને વિવિધ NGOએ આ પ્રારંભિક તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ શહેરની હદને અડીને આવેલા વિસ્તારોમાં કેટલાક પ્રોજેક્ટ્સ અમલી બનાવવાનું શરૂ કર્યું છે. અમદાવાદ મહાનગરની આસપાસના વિસ્તારોમાં આ બે વૈશ્વિક સ્તરના રમતોત્સવ માટે કયા પ્રકારની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ ઊભી થઈ શકે અને જુદા જુદા હિતધારકોનો સહયોગ-સંકલન થઈ શકે તે માટે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ઘનિષ્ઠ ચર્ચા-વિચારણાઓ કરવામાં આવી હતી. જેમાં એસ.પી. રિંગરોડની પશ્ચિમે મણિપુર, ગોધાવી, ગરોડિયા વિસ્તારોમાં નોલેજ એન્ડ સ્પોર્ટ્સ કોરિડોર ઊભો કરવાની બાબતે પણ વિચારાયું હતું.

ઓલિમ્પિક ૨૦૩૬ના આયોજન સંદર્ભે રાજ્ય સરકારના સંબંધિત વિભાગો અને ઔડા દ્વારા ગોધાવી વિસ્તારમાં થોડા સમય પૂર્વે જમીન અંગે સર્વે કરવામાં આવ્યો હતો, તેની જાણકારી પણ મુખ્યમંત્રીને આ બેઠક દરમિયાન આપવામાં આવી હતી. ઓલિમ્પિકના આયોજન માટે આ વિસ્તારમાં જમીનોના થયેલ સર્વેની સમીક્ષા કરવા અને સૂચિત સ્પોર્ટ્સ, સ્કિલ, નોલેજ ઝોન અમલી થાય તે માટેની જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સૌ સંબંધિતોને જરૂરી દિશાનિર્દેશ અપાયા હતા. સરકાર દ્વારા આ વિસ્તારને સ્પોર્ટ્સ, સ્કિલ, એજ્યુકેશન માટેના ઝોન તરીકે વિકસિત કરવા માટે સર્વે, જમીન સંપાદન, પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપનાં વિકલ્પો વગેરેની સમીક્ષા કરાઈ હતી.

## બિલમાળનાં તુલસીગઢમાં ૭ હનુમાનજીનાં મંદિરોનું લોકાર્પણ કરાયુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૨ :** ડાંગ જિલ્લાનાં ૩૧૧ ગામોમાં હનુમાનજીનાં મંદિર બનાવવાનો સંકલ્પ સુરતનાં જાણીતા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયા દ્વારા લેવામાં આવેલ છે. ત્યારે ડાંગ જિલ્લાનાં બિલમાળ તુલસીગઢનાં અનેકરૂપી મહારાજનાં હસ્તે વધુ ૭ જેટલા હનુમાનજીનાં મંદિરોનું લોકાર્પણ કરવામાં આવતા ગામડાઓનાં ભક્તોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. સુરતનાં જાણીતા ઉદ્યોગપતિ અને રાજ્યસભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ ડાંગ જિલ્લાનાં ૩૧૧ ગામોમાં હનુમાનજીનાં મંદિર બનાવવાનો સંકલ્પ લીધો છે. ડાંગ જિલ્લામાં ૮૭ કરતા વધુ મંદિર બની ગયા છે અને ભક્તો માટે લોકાર્પણ થઈ ગયા છે. ત્યારે આજરોજ ડાંગ જિલ્લાનાં શિવારીમાળ, વાસુર્ણા, સોનગીર, કહાંડોળઘોડી, બોરખલ, રાવચોન્ડ ગામ ખાતે પૂજ્ય અનેકરૂપી મહારાજનાં હસ્તે હનુમાનજીનાં મંદિરોનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજા અર્ચના કર્યા બાદ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સંતોકબા ધોળકિયા વિદ્યામંદિરનાં પ.પૂ.પી.પી. સ્વામીજી, રાજય સભાનાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા, બિલમાળ શિવમંદિરનાં પ.પુ. અનેકરૂપી મહારાજ, સાધ્વી યશોદા દીદી અને સંતો તથા યજમાનો ઉપસ્થિત રહ્યા હતાં અને નવા લોકાર્પણ થયેલ હનુમાનજીનાં મંદિરોની જાળવણી સહીત હિન્દૂ ધર્મની જાળવણી માટેનો સંદેશો આપ્યો હતો.

## હવેલી ઈન્સ્ટિટ્યૂટમાં ફ્રેશર્સ ઈવેન્ટ યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૨ :** હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઑફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઉત્સવની થીમ આધારિત ફ્રેશર્સ ઈવ ઈન્ટ્રોડ્યુસિંગ - ૨૦૨૪માં વિદ્યાર્થીઓના નવા બેચને આવકારવા માટે એક ભવ્ય સમારંભનું આયોજન કર્યું હતું.

સાંજની શરૂઆત પરંપરાગત દીપપ્રાગટ્યથી થઈ હતી. જેમાં સન્માનિત મુખ્ય મહેમાન, અધ્યક્ષ ફતેહસિંહ જી ચૌહાણ, વિશેષ અતિથિ અને ઉપપ્રમુખ એ.ડી. નિકમ અને લાયન્સ ક્લબ ઓફ સિલ્વાસા ચેરીટેબલ ટ્રસ્ટના સેક્રેટરી કુલદીપસિંહ મુન્દ્રાએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સ્વાગત નૃત્ય, ભારતના તહેવારોની ઉજવણી કરતું જૂથ નૃત્ય અને સંગીતવાદ્યો સહિત અનેક સાંસ્કૃતિક પ્રદર્શનો દર્શાવવામાં આવ્યા હતાં. FYLLBના જેફીન સંતોષ અને FYLLB ના કરીના પાંડાએ અનુક્રમે મિસ્ટર ફ્રેશર અને મિસ ફ્રેશરનો ખિતાબ જીત્યો. આ પ્રસંગે સંસ્થાના વાર્ષિક મેગેઝિન વિધાન - ૨૦૨૪ની ત્રીજી આવૃત્તિનું વિમોચન હતું. અધ્યક્ષ શ્રી ફતેહસિંહજી ચૌહાણે તેમના સંબોધનમાં શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો અને મહિલા સશક્તિકરણ પર પ્રકાશ પાડ્યો હતો.

## ઓરવાડમાં અનાવિલ યુવા સંગઠન દ્વારા હેલ્થ એન્ડ સ્પોર્ટ્સ ફેરનું ઉદ્દઘાટન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨:** અનાવિલ યુવા સંગઠન દ્વારા આયોજિત હેલ્થ એન્ડ સપોર્ટ ફેર ૨૦૨૪નું રાજયના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખુલ્લુ મુકાયું હતુ. જેમાં મોટી સંખ્યામાં પારડી, વાપી, ઉમરગામ અને સંઘ પ્રદેશ દમણ તથા સેલવાસમાં રહેતા અનાવિલ સમાજના યુવાનોએ ભાગ લીધો હતો.



આજરોજ ઉદવાડા ખાતે અનાવિલ યુવા સંગઠન દ્વારા આયોજિત હેલ્થ એન્ડ સ્પોર્ટ્સ ફેર ૨૦૨૪ સાથે વાપી શહેર યુવા ભાજપ બ્લડ ડોનેશન કેમ્પમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં. આ સ્પોર્ટ્સ અને હેલ્થ ફેરમાં મોટી સંખ્યામાં અનાવિલ યુવાનો અને અનાવિલ સભ્યો, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને સાથે વિવિધ સ્પોર્ટ્સ એક્ટિવિટીનું આયોજન થયું હતું અને સાથે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં બ્લડ બોટલ એકત્રિત થઈ હતી. ગુજરાતના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા અનાવિલ સમાજના આયોજકોને આવી સેવાકીય સાથે હેલ્થ અને સ્પોર્ટ્સ એક્ટિવિટીના કાર્યક્રમ કરવા માટે તેમને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતાં. આ પ્રસંગે અનાવિલ યુવા સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ, અનાવિલ અગ્રણીઓ એવા હર્ષદભાઈ દેસાઈ, મિતેશભાઈ દેસાઈ, દર્પણભાઈ દેસાઈ, કેતનભાઈ દેસાઈ, સુરેશભાઈ દેસાઈ સાથે વાપી શહેર ભાજપ પ્રમુખ સતિષભાઈ પટેલ અને વાપી નોટિફાઈડ પ્રમુખ હેમંતભાઈ પટેલ અને અનાવિલ સમાજના પારડી વિધાનસભા અને આજુબાજુના વિસ્તારના અનાવિલ નાગરિકો પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## રાજ્યમાં વધુ એક રાઉન્ડ વરસાદની આગાહી

અમારા પ્રતિનિધિ તરફથી,

**અમદાવાદ, તા.૨૨ :** ગુજરાતમાં એકાદ અઠવાડિયાથી અમુક જ વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી રહ્યો છે. જો કે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં ક્યાંક મધ્યમ તો ક્યાંક ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અર્થાત્ રાજ્યમાં વરસાદનો વધુ એક રાઉન્ડ આવશે.ખાસ કરીને દ.ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા છે.

રાજયનાં સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતનાં અમુક જીલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જે મુજબ, આવતીકાલે તા. ૨૩ નાં રોજ અમરેલી, ભાવનગર, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જીલ્લામાં વરસાદ થવાની શક્યતા છે.

જ્યારે તા. ૨૪ સપ્ટેમ્બરનાં રોજ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદમાં છૂટા છવાયા વરસાદની આગાહી કરી છે. જ્યારે વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ ઉપરાંત તા. ૨૫ અને તા. ૨૬ સપ્ટેમ્બરનાં રોજ તાપી, ડાગ, નવસારી, દમણ, વલસાડ, દાદરા અને નગર હવેલીમાં છૂટા છવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ડોક્યુમેન્ટ ખોવાયેલ છે

હું ટ્વીંકલ રમેશભાઈ પટેલ ૧/૪૬૬, બાવન ફળિયા, નાની ચણવઈ વલસાડ, ૩૯૬૦૨૦ના રહેવાસી તા.૪/૭/૨૦૨૪ના રોજ ખેરાલુથી વલસાડ આવતી બસમાં કાળા કલરનું બેગ ખોવાયેલ છે. જેમાં ધોરણ ૧૦-૧૨ માર્કશીટ તથા ૧૦-૧૨ ધોરણના પ્રમાણપત્ર, બી.એસ.સી. નર્સિંગ કોલેજના ૨૦૨૦થી ૨૦૨૩ના ચાર વર્ષની માર્કશીટ, જી.એન.સી. રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ રજીસ્ટ્રેશન નંબર એ-૧૧/એચ-૧૧-૩૨૬૬૯, કોલેજમાંથી મળેલા સર્ટિફિકેટ જેમ કે અટેમ્પર સર્ટિફિકેટ, મીડવાઈફરી એન્ડ ઓબસ્ટેસ્ટ્રીકલ નર્સિંગ, મિડલ લેવલ હેલ્થ કેર પ્રોવાઈડર, કોર્સ કમ્પલીશન કમ કન્ડક્ટ સર્ટિફિકેટ, આધાર કાર્ડ, જાતિનો દાખલો આ બધા અસલ ડોક્યુમેન્ટ વાળુ બેગ ખોવાયેલ છે. જેની અરજન્ટ જરૂરી હોવાથી ઉપર આપેલા સરનામા અથવા નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવી તથા આ મોબાઈલ નંબર ૮૩૨૦૩૧૩૮૩૭ ઉપર સંપર્ક કરવો.


છેલ્લા પાનાનું શરૂ....


**સામાજીક વનીકરણ...**

નવસારીના ડીસીએફ ભાવનાબેન દેસાઈ, જીપીસીબીના પ્રાદેશિક અધિકારી એચ.એમ. ગાવિંત, મામલતદાર જલાલપોર મૃણાલદાન ઈસરાની, જલાલપોર તાલુકાના સરપંચઓ ઉપરાંત નવસારી જિલ્લાની વિવિધ કોર્પોરેટ કંપનીઓ, ફિસરી કોલેજ નવસારીના વિદ્યાર્થીઓ, જિલ્લાની વિવિધ એન.જી.ઓ, NNSના વિદ્યાર્થીઓ, સહકારી મંડળી દાંડીના સદસ્ય, નગરપાલિકા જલાલપોરના સફાઈ કામદારો આ કામગીરીમાં જોડાઈને ૧૫૦ કિલો પ્લાસ્ટિક અને ૧.૫ ટન જેટલો અન્ય કચરો એકઠો કરી તેને કંપનીનેં રિસાઇકલિંગ માટે આપવામાં આવ્યો હતો. બાયોનોવા કંપની દ્વારા પ્લાસ્ટિક ફ્રી પ્રોડક્ટનો સ્ટોલ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ સ્ટોલની મુલકાત બાદ ધારાસભ્ય તથા ઉપસ્થિત અન્ય મહાનુભાવો દ્વારા એક પેડ માં કે નામ અંતર્ગત ઉપસ્થિત વોલન્ટીયરસને રોપા વાવેતર અને રોપ વિતરણ કરી સૌએ પ્રકૃતિ રક્ષણની પ્રતિજ્ઞા લીધી હતી.


(પાના નં.૧નું ચાલુ...)


**રોલા પાસે સ્ટંટ કરતા ૮.....**

જેમાં રોલા નેશનલ હાઈવે ૪૮ પર નવસારીથી વલસાડ તરફ જતા જાહેર રોડ ઉપર પોતાની તેમજ બીજાઓની જિંદગી તેમજ શારિરીક સલામતી જોખમાય તે રીતે બેફામપણે તેમજ બેદરકારી પુર્વક પોતાની બાઈકો હંકારી તેમજ બાઈકથી ભયજનક -કારના સ્ટંટ કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ એ બહાર પાડેલ જાહેરનામાનો ભંગ કર્યો હતો. તેમજ રોલા ગામે હાઈવે પર નવસારી થી વલસાડ જતા રોડ પર આઠ બાયકર્સ એ સ્ટંટ કરતે હોવાનો વિડીયો વાયરલ થતા ડુંગરી પોલીસે બાઈક નંબર જીજે ૨૧ બી આર ૫૫ ૫૧, એમ એચ ૦૨ એ એક્ષ ૯૦૧૪, જીજે ૧૯ એ આર ૨૫૯૯, નં. જીજે ૨૧ બી ઈ ૯૦૧૩, નં. જીજે ૦૫ પીયુ ૮૦૪૩૮૦૪૩ , બાઈક નં. જીજે ૦૫ ઈ વાય ૧૪૫૭, નં. જીજે ૦૩ એમ જે ૯૦૭૨ સહિત અન્ય બે બાઈકો મળી કુલ ૮ બાઈકર્સ એ સ્ટંટ કરતા હોવાથી તેમના વિરુદ્ધ ડુંગળી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા સ્ટંટ કરનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

## અમદાવાદમાં ગેમઝોનને લઈ નવી એસઓપી જાહેર

અમારા પ્રતિનિધિ તરફથી,

**અમદાવાદ, તા.૨૨ :** અમદાવાદમાં ગેમ ઝોનને લઈ નવી રૂલ્ટ જાહેર કરવામાં આવી છે. ગેમઝોન માટે હવે વધુ આકરા નિયમો પાળવા પડશે. લાયસન્સ વિના ચાલતા ગેમિંગ ઝોન સામે આકરા પગલા લેવાશે તેમજ બિલ્ડિંગમાં ગેમિંગ ઝોન હોય તો અલગ ફાયર પ્લાન ફરજિયાત રહેશે.

આ ઉપરાંત ફલોર પ્લાનની વિગતો પણ ફાયર વિભાગને આપવાની રહેશે તેમજ ગેમિંગ ઝોનમાંથી એક્ઝિટ માટે સીડી ખુલ્લી રાખવી ફરજિયાત છે. દાદરની જગ્યામાં પણ ફાયર સેફટીનાં સાધનો લગાવવાનાં રહેશે. કોઈ પણ ગેમિંગ ઝોન માટે મિનિમમ ૨૫ હજારની સ્ક્રૂટિની ફી ચૂકવવી પડશે.

મોલ તેમજ અન્ય જગ્યાઓ પર ગેમિંગ ઝોન માટે અલગ અલગ નિયમો છે. જેમાં બે મીટર પહોળી અલગ અલગ બે સીડી હોવી જોઈએ. તેમજ એન્ટ્રી અને એક્ઝિટનાં ત્રણ-ત્રણ મીટરનાં અલગ અળગ ગેટ તેમજ ફાયરનો અભિપ્રાય. તેમજ અલગથી બીયુ પરમીશન, આખા બિલ્ડીંગની ફાયર સેફટી એનઓસી લેવી પડશે. તેમજ લિફટ હોય તો તેનું લાયસન્સ તેમજ પોલીસની એનઓસી હોવી જરૂરી છે.

ફક્ત ગેમિંગ ઝોન માટે ઘડાયેલા નિયમો મુજબ, પ્લોટની સાઈઝ ૨ હજાર ચોરસ મીટરથી વધુ તેમજ રોડ તરફનું માર્જિન ૧૨ મીટર જ્યારે અન્ય ત્રણેય બાજુ નવ-નવ મીટરનું માર્જિન, તેમજ એન્ટ્રી, એક્ઝિટનાં ૬-૬ મીટરનાં અલગ અલગ દરવાજા બધી દિશામાં ઈમરજન્સીનાં ૩ મીટર પહોંળા એક્ઝિટ તેમજ ગ્રાઉન્ડ ફલોર પર પ્લોટનાં ૩૦ ટકા ભાગમાં જ બાંધકામ કરી શકાશે. તેમજ પ્લાટનાં ભાગનું ૫૦ ટકા પાર્કિંગ ફાયર પોલીસની ઓનઓસી તેમજ બીયુ પરમિશન જોઈએ. તેમજ નવા બાંધકામમાં રજા ચિઠ્ઠી લેવી પડશે.


છેલ્લા પાનાનું શરૂ....


**તિથલના દરિયા કિનારાથી**

સાયન્સ કોલેજ અને નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ, સિનિયર સ્ટાફ, પ્રોફેસરો અને ખાસ કરીને વિદ્યાર્થીઓ સહિત ૩૦૦થી વધુ લોકોએ હાજર રહી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સફાઈ કામગીરી દરમિયાન ૧૨૮.૪૩ કિલો પ્લાસ્ટિક વેસ્ટ તથા અન્ય કચરો એકત્રિત થયો હતો. અતુલ લિમિટેડ કંપની એકઠા થયેલા કચરાને રિસાયકલ પ્લાન્ટમાં યોગ્ય રૂપે નિકાલ કરવા બાબત જવાબદારી લીધી હતી. આ કાર્યક્રમ અતુલ કલ્યાણી સ્કૂલમાં પોસ્ટર સ્પર્ધા યોજાઈ હતી અને વિજેતા વિદ્યાર્થોને ઇનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વલસાડ જીલ્લામાં ઉમરગામ બીચ ઉપર દિવસે સોશિયલ સ્લીનર્સ NGO દ્વારા ૧૯૭૨ કિલો પ્લાસ્ટિક તથા કચરો એકત્રિત કરી રિસાઈકલરને મોકલવામાં આવ્યો હતો. તત્વ એન્ટરપ્રાઇઝ, જીપીસીબી સરીગામ અને ઉમરગામ નગરપાલિકા પણ સફાઈ કામગીરીમાં જોડાયા હતાં.

તિથલ બીચ સફાઈ કાર્યક્રમમાં DLSA(district legal service authority)ના ભરતભાઈ પોપટ, જીપીસીબી અધિકારી અનિલભાઈ પટેલ, ગે.મી.ના અધિકારી દર્પણાબેન ઢીમ્મર, તિથલના સરપંચ રાકેશભાઈ પટેલ, બેંક ઓફ બરોડાના અધિકારી શૈલેન્દ્રકુમાર સિંહ અને ડો. સંદીપ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

**CHANGE OF NAME**

I HAVE CHANGE MY OLD NAME SEEMA BHALCHANDRA AHIRE AND I WILL BE KNOWN AS NEW NAME SHOBHABAI AHIRE WHICH PLEASE NOTE SD-SHOBHABAI BHALCHANDRA AHIRE

**IN THE COURT OF 2nd ADDITIONAL JUDICIAL MAGISTRATE FIRST CLASS VAPI**
**FORM NO.04**
**PROCLAMATION REQUIRING THE ATTENDANCE OF A PERSON ACCUSED**
**[See Section 82]**

Criminal Case No: 5389/2022
Fixed On:- 24/10/2024

Whereas complaint has been made before me that **Accused:-Mr. Vinaykumar Mohanlal Desai, R/At. 201, Vaniyavad, Valvada-3, Ta Umbergaon, Dist. Valsad, M-98241 194881** has committed (or is suspected to have committed) the offence of punishable under Section-138 of The Negotiable Instrument Act, and it has been returned to a warrant of arrest thereupon issued that the said Accused cannot be found, and whereas it has been shown to my satisfaction that the said Accused has absconded (or is concealing himself to avoid the service of the said warrant);

Proclamation is hereby made that the said Accused: **Mr. Vinaykumar Mohanlal Desai** is required to appear before the Court of **2nd Additional Judicial Magistrate First Class Court Vapi** to answer the said complaint on the **day 24 th of October 2024 at 10:30 o'clock in the Criminal Case No. 5389/2022**

Dated, this 20 th day of September, 2024.

Court Seal

sd/-
**(M. J. KIKANI)**
**2nd Additional Judicial Magistrate First Class Vapi**

**-:: જાહેર નોટીશ ::-**

આથી જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ બિનખેતીની જમીન ચાલી આવેલ છે. અને સદરહુ બિનખેતીની જમીન અમારી પોતાની માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા, વહીવટ વાળી તેમજ ક્લીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારનાં દાવાઓ તથા બોજાઓ વગરની હોય અમારા અસીલે વેચાણ કરવાનું નક્કી કરેલ છે. અમારા અસીલે સદરહુ જમીનનું ટાઈટલ્સ ઈન્વેસ્ટીગેશન અને વેરીફિકેશ તથા ડોક્યુમેન્ટસ તૈયાર કરવાની અમનો સુચના આપી છે. અને જેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે બેન્ક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે અટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, તકરાર, દાવો-ફરિયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે સીધી કે આડકતરી રીતે હક્ક, હિત સંબંધ નથી.

**:: બિનખેતીની જમીનનું વર્ણન ::**

વલસાડ ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ ઉમરગામ તાલુકાનાં મોજે ''ભિલાડ ગ્રામ પંચાયતની હદ વિસ્તાર'' મધ્યે આવેલ બિનખેતીની જમીન જેનું વર્ણન નીચે મુજબ છે.

| ખાતા નંબર | સર્વે નંબર | પ્લોટ નંબર | ક્ષેત્રફળ હે.આરે ચો.મી | માલિકનું નામ |
|---|---|---|---|---|
| ૫૦૬ | ૪૬/૨/૪ પ્લો.૧૨ (નવો નં:-૧૦૭૭) | ૧૨ | ૦-૦૯-૯૨ | હરીશ ટેક્ષટાઈલ એન્જીનીયર્સ પ્રા.લી |
| ૪૮૩ | ૪૬/૨/૫ પ્લો.૧૩ (નવો નં:-૧૧૦૬) | ૧૩ | ૦-૦૭-૮૭ | હરીશ ટેક્ષટાઈલ એન્જીનીયર્સ પ્રા.લી |
| ૫૬૭ | ૪૬/૨/૬ પ્લો.૧૪ (નવો નં:-૧૦૭૮) | ૧૪ | ૦-૦૭-૮૭ | હરીશ ટેક્ષટાઈલ એન્જીનીયર્સ પ્રા.લી |
| ૧૦૬૩ | ૪૬/૨/પૈકી ૩૭ (નવો નં:-૧૧૦૩) | ૧૯ | ૦-૦૭-૫૭ | હરીશ ટેક્ષટાઈલ એન્જીનીયર્સ પ્રા.લી |
| ૧૦૬૩ | ૪૬/૨/પૈકી ૩૮ (નવો નં:-૧૧૦૪) | ૨૦ | ૦-૦૭-૫૭ | હરીશ ટેક્ષટાઈલ એન્જીનીયર્સ પ્રા.લી |
| ૧૦૬૩ | ૪૬/૨/પૈકી ૩૯ (નવો નં:-૧૧૦૫) | ૨૧ | ૦-૦૭-૭૬ | હરીશ ટેક્ષટાઈલ એન્જીનીયર્સ પ્રા.લી |

ઉપરોક્ત બિનખેતીની જમીન આવેલ છે.
તા.૨૧-૦૯-૨૦૨૪

તે મિલકત માલિકનાં એડવોકેટશ્રી
વિનય બી. સાગર (એડવોકેટ), દેવેન્દ્ર કે. સાગર (એડવોકેટ)
સરનામું :- રાશી બિઝનેશ પાર્ક, શોપ નંબર -૮,
જી.આઈ.ડી.સી. ત્રણ રસ્તા, સંજાણ-ઉમરગામ રોડ,
મુ-ઉમરગામ, તા-ઉમરગામ, જી-વલસાડ, મો.નં.૯૮૨૫૨૮૪૬૬૪

સહી/-
વિનય બી. સાગર, એડવોકેટ

સહી/-
વતી ઓથોરાઈઝડ સિગ્નેચરી

**-:: વેચાણ અંગેની જાહેર નોટીશ ::-**

આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે, નીચેના **''શિડ્યુલ''**માં જણાવેલ મીલ્કત સરકારી રેકર્ડ દફતરે **મે. સંકલ્પ રેસીકોમ પ્રા.લી.ના અધિકૃત ડીરેક્ટર શ્રી વિશાલ દિલીપ શાહ,** ઠેકાણું : નિકીશા આર્કેડ, સીડીકેટ બેંકની ઉપર, ગોડદેવ ફાટક રોડ, ભાયંદર (ઈસ્ટ), જી. થાણા, સ્ટેટ : મહારાષ્ટ્રના નામે ચાલી આવેલ છે અને સદર મીલ્કત ક્લીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.

જેથી નીચેના **''શિડ્યુલ''**માં જણાવેલ મીલ્કત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, દર દાવો, હક્ક, હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક દાવાઓ હોય, તેવા ઈસમોએ આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિન-૭ (સાત)**માં હમારો યોગ્ય પુરાવાઓ સાથે સંપર્ક કરવો અને એ ઉપયુક્ત સમય મર્યાદા દરમ્યાન કાંઈ વાંધાઓ મળી આવશે નહી તો તેવે વખતે હમારૂ માનવું રહેશે કે જે તે ઈસમોએ તેમના હક્ક દાવાઓ હમારા અસીલની તરફેણમાં સરન્ડર યાને ત્યજી દીધેલા છે. અને ત્યારબાદ હમારા અસીલ સદર મીલ્કતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદર મીલ્કતના માલીક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ નોટીશ રૂએ લાગતાં વળગતાઓએ નોંધ લેવી.

**-:: શિડ્યુલ ::-**

વલસાડ ડીસ્ટ્રીક્ટના રજી. સબ ડીસ્ટ્રીક્ટના ઉમરગામ તાલુકાના મોજે ''ખતલવાડા'' ગામે આવેલ બિનખેતીના જુનો સર્વે નંબર : ૨૪૪/૧/પૈકી ૧, રી. સર્વે નંબર : ૩૫૪૮, ક્ષે. ૨૦૨૩૫.૦૦ ચો.મી.ના ક્ષેત્રફળવાળી બિનખેતીની જમીન તથા તેમાં આવવા-જવાના રસ્તાના હક્ક સહિત તથા તેને લગતા, લાગતા વળગતા અન્ય તમામ પ્રકારના હક્કો સહિત વાળી મીલકત.

**મુકેશ એમ. ઠુમર** (એડવોકેટ) મો.નં. ૯૮૨૫૧૪૫૦૮૫
ઓફીસ નં.૧૦૮, પહેલા માળે, નક્ષત્ર પ્લાઝા, સબ-વેની ઉપર,
ને.હા.નં.૮, વાપી - ૩૯૬ ૧૯૧

**torrent POWER DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૬/૦૯/૨૦૨૪ ગુરુવાર સવારે ૧૦.૦૦ થી સાંજના ૦૬.૦૦ | રખોલી | ૧૧કેવી સાયલી-૩ ફીડર | સાયલી ઢીંડાપાડા, સાયલી અંધેરપાડા, સાયલી મેધાપાડા વેલપેકની પાસે, સાયલી દત્તુપાડા |
| ૨૬/૦૯/૨૦૨૪ ગુરુવાર સવારે ૧૦.૦૦ થી સાંજના ૦૬.૦૦ | રખોલી | ૧૧કેવી બલબીલ મેટલ એક્સપ્રેસ ફીડર | બલબીર મેટલ ઈન્ડસ્ટ્રી |
| ૨૮/૦૯/૨૦૨૪ શનિવાર સવારે ૧૦.૦૦ થી સાંજના ૦૬.૦૦ | મસાત | ૧૧કેવી મસાત-૩ ફીડર | મસાત ઈન્ડસ્ટ્રીઅલ એરિયા |

અસુવિધા બદલ દિલગીર છીએ

**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com


દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

લગ્ન સિઝન નિમિત્તે સ્પે. ધમાકા સેલ
લેડીઝ વેરાયટી
ફેન્સી ચંપલ, ફેન્સી મોજડી
ફક્ત Rs.300
જેન્ટસ સ્પોર્ટ શુઝ વેરાયટી
ફક્ત Rs.300
પુરા ફેમીલી માટે માટે અવનવી ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પરમાર શુ કલેકશન
અમારે ત્યાં જેન્ટસ, લેડીઝ અને ચિલ્ડ્રન માટે ખ્યાત નામ કંપનીઓની ઓલ સિઝન ફેન્સી વેરાઈટીઓ મળશે.
કાપડીયા કોમ્પ્લેક્ષ, હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo. : 8690820403
અમારી બીજી કોઈ શાખા નથી

લગ્ન પ્રસંગ નિમિત્તે
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ, લોફર શુઝ, સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
ઓલ સીઝન ચંપલ, સેન્ડલ, લાઈટ શુઝ, સેફ્ટી શુઝ, લાઈટ વાળા શુઝ
ADDA, VKC pride, sparx, RELAXO
Paragon, Bata, Lakhani, campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Monday 23, September 2024

# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

## દમણમાં ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીનઅપ ડે ઉજવાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા.૨૨:** દમણમાં આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લીનઅપ ડે મનાવવામાં આવ્યો હતો. ક્લીન સીસેફસી અભિયાનને પ્રોત્સાહન આપવા અને આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લીનઅપ ડેની ઉજવણી કરવા માટે ભારતીય કોસ્ટ ગાર્ડ, એર સ્ટેશન દમણ દ્વારા સ્થાનિક સ્વયંસેવકો અને પર્યાવરણીય સંસ્થાઓના સહયોગથી દેવકા બીચ પર દરિયા કાંઠાની સફાઈની પહેલ હાથ ધરવામાં આવી હતી.

દેવકા બીચ તેના કુદરતી સૌંદર્ય અને કિનારા માટે જાણીતું છે તે આ મહત્વપૂર્ણ પર્યાવરણીય પ્રવાસનું કેન્દ્રબિંદુ હતું. દમણ ખાતેના આઈસીજી એર સ્ટેશને આ કાર્યક્રમનું સંકલન કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી જેણે ભારતના દરિયાકાંઠાના ઈકોસિસ્ટમને જાળવવા માટે તેની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ ઈવેન્ટમાં કોસ્ટ ગાર્ડના કર્મચારીઓ, અમી પોલિમર ગ્રુપ, ક્રિષ્ના કેન્સર એઈડ એસોસિએશન, અનાયા ગ્રુપ, લાયન્સ ક્લબ, રોટરી ક્લબ અને વાપી પબ્લિક સ્કૂલ, કોસ્ટ ગાર્ડ પબ્લિક સ્કૂલ અને દમણ ડેન્ટલ કોલેજ જેવી શાળાઓ સહિત લગભગ ૧૫૦૦ ઉત્સાહી સહભાગીઓની પ્રભાવશાળી હાજરી જોવા મળી હતી. આ સમર્પિત સ્વયંસેવકો દરિયાઈ પ્રદૂષણની વધતી જતી ચિંતા અને દરિયાકાંઠાના વિસ્તારોને સુરક્ષિત રાખવાની જરૂરિયાતને દૂર કરવા માટે એકસાથે આવ્યા હતાં. સહભાગીઓએ નોંધપાત્ર પ્રમાણમાં દરિયાઈ કાટમાળ એકત્રિત કર્યો હતો જેમાં પ્લાસ્ટિકનો કચરો, છોડવામાં આવેલી માછીમારીની જાળ અને અન્ય બિન-બાયોડિગ્રેડેબલ વસ્તુઓનો સમાવેશ થાય છે. જે દરિયાઈ જીવન અને દરિયાકાંઠાની ઈકોસિસ્ટમ્સ માટે જોખમ ઊભું કરે છે.

### આંતરરાષ્ટ્રીય તટ સફાઈ દિવસ નિમિત્તે

## નારગોલ-ઉમરગામના દરિયા કિનારાની સાફ સફાઈ કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૨૨:** આંતરરાષ્ટ્રીય તટ સફાઈ દિવસ નિમિત્તે નારગોલ અને ઉમરગામ બીચ ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

આ અંગે મળતી માહિતી મુજબ ઉમરગામ અને નારગોલ બીચ ખાતે આંતરરાષ્ટ્રીય તટ સફાઈ દિવસ નિમિત્તે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં નારગોલ બીચ ખાતે વડી કચેરીની સૂચના મુજબ ગ્રામ પંચાયત નારગોલ દ્વારા સરપંચ સ્વીટી યતીન ભંડારીની આગેવાની હેઠળ આયોજિત સફાય અભિયાનમાં ગ્રામ પંચાયત સ્ટાફ, પંચત સભ્યો, ગ્રામજનોએ ભાગ લીધો હતો. આ નિમિત્તે રિઝર્વ ફોરેસ્ટ સંજાણ રેન્જ ઓફિસર તેજસ પટેલ, ફોરેસ્ટર અશોકભાઈ પટેલ વન વિભાગની ટીમ, ઉમરગામ તાલુકા પંચાયત ગ્રામ વિકાસ એજન્સીની ટીમ, નારગોલ સ્થિત ઓશો સાધના પથ, ચિદવિલાસ ઓશો આશ્રમના સંચાલકો, ગામના સામાજિક આગેવાનો, યુવાનોએ નારગોલ બીચ ખાતે સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો. ગ્રામ પંચાયત નારગોલ સરપંચ સ્વીટી ભંડારીએ સ્થાનિકોને તેમજ પ્રવાસીઓને ગામને સ્વચ્છ રાખવામાં કચરા પેટીનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

ઉમરગામ શહેર વિસ્તારના દરિયા કિનારે પણ પાલિકા તેમજ સ્થાનિક કચેરીઓના કર્મચારીઓ, સામાજિક સંસ્થાઓ તેમજ સ્થાનિક લોકોની હાજરી સાથે સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

## તિથલના દરિયા કિનારાથી ૧૨૮.૪૩ કિલો કચરો એકત્ર કરાયો



**(દમણગંગા ટાઈમ્સ)**

**વલસાડ , તા.૨૨:** વલસાડ જિલ્લાના તિથલ બીચ ખાતે તા.૨૧-૦૯-૨૪ 'ઈન્ટરનેશનલ કોસ્ટલ ક્લીનઅપ ડે' નિમિત્તે ગુજરાત પોલ્યૂશન કંટ્રોલ બોર્ડ અને ગુજરાત એન્વાયરમેન્ટ મૅનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વહીવટી તંત્રના સહયોગ સાથે તિથલ બીચની સ્વચ્છતા અભિયાન હેઠળ સાફ સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર નૈમેષ દવે, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત અને વલસાડ પ્રાંત અધિકારીએ આસ્થા સોલંકીએ ઉપસ્થિત રહી સફાઈ કામગીરીમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

બીચ સફાઈ અભિયાનમાં વલસાડ નગરપાલિકા અને તિથલ ગ્રામ પંચાયતના સફાઈ કર્મચારીઓએ, વિવિધ ત્રયમ ફોઉન્ડેશન, મહાલક્ષ્મી મિત્ર મંડળ, ઉમિયા સોશ્યલ ટ્રસ્ટ, બેંક ઓફ બરોડા, અતુલ લીમીટેડ, નાઈટ્રેક ઈન્ડસ્ટ્રીઝ, GPCB, પર્યાવરણ સુરક્ષા ગતિવિધિ, સીમા જાગરણ મંચના સર્મચારીઓ અને કાર્યકર્તાઓ તેમજ વલસાડ ગવર્મેન્ટ એન્જીન્યરીંગ કોલેજ, ગવર્મેન્ટ પોલિટેક્નિક કોલેજ, શાહ કે.એમ.લૉ કોલેજ, શાહ એન.એચ. કોમર્સ કોલેજ, શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, બી. કે. એમ.

-અનુ. પાના નં. ૭ પર

### સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા

## સામાજીક વનીકરણ નવસારીની સૂપા રેન્જ દ્વારા દાંડી દરિયા કિનારે સફાઈ કરી

### ૧૫૦ કિલો પ્લાસ્ટિક અને ૧.૫ ટન અન્ય કચરો એકઠો કરી રિસાઈકલિંગ માટે આપવામાં આવ્યો



**(દમણગંગા ટાઈમ્સ)**

**નવસારી,તા.૨૨:** નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત સામાજીક વનીકરણ વિભાગ નવસારીની સૂપા રેન્જ દ્વારા 'ઈન્ટરનેશનલ બીચ ક્લિનિંગ ડે' જલાલપોરના દાંડી દરિયાકિનારે બીચ ક્લિગિન કેમ્પેઈન હાથ ધરાયું હતું. સ્વછતા હી સેવા ૨૦૨૪ અભિયાનને પ્રાધાન્ય આપી જલાલપોર વિધાનસભાના ધારાસસભ્ય આર. સી. પટેલ, નવસારી તાલુકા પ્રમુખ નીલમબેન પટેલ, તાલુકા સદસ્યો, જલાલપોર તાલુકાસંગઠનના સભ્યો, સામાજીક વનિકરણ વિભાગ

-અનુ. પાના નં. ૭ પર

## ભાગડાવડાના યુવાને ગળે ફાંસો ખાધો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૨૨:** વલસાડના ભાગડાવડા ગ્રીન પાર્કમાં રહેતો ૨૨ વર્ષીય મુસ્લિમ યુવાને કોઇ અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખા સાથે ઓઢણી બાંધી આત્મહત્યા કરી લેતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

વલસાડ શહેર નજીક આવેલા ભાગડાવડા ગામે ગ્રીન પાર્ક ૪ માં સફિકભાઇ શલુભાઈ રાઈન રહે છે. સફીનના લગ્ન વર્ષ ૨૦૨૩માં ડિસેમ્બર મહિનામાં બારડોલીમાં રહેતા અકતરભાઇ રાઇનનાઓની છોકરી મેજબીનનાઓની સાથે સમાજના રીતી રીવાઝ મુજબ થયેલ હતાં. તેમની પત્ની ચાર દિવસ અગાઉ પિયર ગઈ હતી. સકીન ઘરે પોતાના પરિવાર સાથે રહેતા હતાં તે દરમિયાન ગઈકાલે રાત્રે જમીને પરિવારના સભ્યો ઊંઘી ગયા હતાં અને સવારે ૯:૦૦ કલાકે નાસ્તો કરવા માટે સફીનને ઉઠાડવા જતા દરવાજો નહીં ખોલતા બીજી ચાવી વડે દરવાજો ખોલી જોયું તો પોતાનો દીકરો પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધેલી હાલતમાં જોવા મળતા પરિવારના પગતળેથી જમીન સરકી ગઈ હતી. જે અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં રઈસ શલુભાઈ રાઈનએ ફરિયાદ કરતા આગળની તપાસ વલસાડ પોલીસ કરી રહી છે.

## દાનહમાં રિંગ રોડ પરથી એક્સાઈઝ વિભાગે દારૂ ભરેલ પીકઅપ ઝડપ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૨૨ :** દાનહમાં એક્સાઈઝ વિભાગ ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે કડક કાર્યવાહી કરી રહી છે. આ અંતર્ગત આજે ૨૨ સપ્ટેમ્બરના સવારે ૦૫:૦૦ કલાકે આસપાસ દાનહના એક્સાઈઝ અધિકારીને માહિતી મળી હતી કે રીંગરોડ પર ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી થઈ રહી છે. એક્સાઈઝ ટીમને માહિતી મળતાની સાથે જ રીંગરોડ તરફ રવાના થઈ હતી. જ્યાં સામરવર્ણી તરફ જતા એક મહિન્દ્રા પીકઅપ ટેમ્પો નં. ડીએન ૦૯ એલ ૯૪૭૫ તરફ જઈ રહી હતી તેને રોકીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન દારૂની બોટલો મળી આવી હતી અને એક્સાઈઝ વિભાગે ૩,૪૬૮ દારૂની બોટલો જપ્ત કરી હતી. જેની કિંમત રૂા. ૩,૭૨,૪૮૦ થવા જઈ હતી અને એક્સાઈઝ વિભાગે દાદરા અને નગરહવેલી અને દમણ અને દીવ એક્સાઈઝ એક્ટ, ૧૯૬૪ અને ડ્યુટી રૂલ્સ ૨૦૨૦ હેઠળ ડ્રાઈવર પ્રકાશ આહીર વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે અને આગળની કાર્યવાહી ચાલી રહી છે. છેલ્લા ૬૦ દિવસમાં એક્સાઈઝ વિભાગે કુલ ૧૪ કેસ નોંધ્યા હતા અને રૂપિયા ૨૬,૩૧,૭૫૭ ની કિંમતની કુલ ૨૧,૮૧૪ બોટલો જપ્ત કરવામાં આવી હતી.

## બોડવાક ગામે ટ્રેક્ટર નહેરમાં પડતા ચાલકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી,તા.૨૨:** ચીખલી નજીકના બોડવાક ગામે એક ટ્રેક્ટર ચાલકે ગફલત ભરી રીતે ટ્રેક્ટર હંકારી નહેરમાં પાડતા ચાલકને શરીરે ગંભીર ઈજા થતાં સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામ્યો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી નજીકના બોડવાક ગામના શરાદ ફળીયા ખાતે રહેતા રાજુભાઈ ઠાકોરભાઈ પટેલ ઉ.વ.૪૮ જે શનિવારના રોજ બપોરના સમયે પોતાનું ટ્રેક્ટર જેનો નં. જીજે ૦૮ ૫૮૮૦ પૂરઝડપે અને ગફરત ભરી રીતે હંકારી શરાદ ફળિયાથી ભગત ફળીયા તરફ જતા રોડ ઉપર બાજુમાં આવેલ નહેરમાં પલટી મારી જતા રાજુભાઈને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે દવાખાને લઈ જતા ફરજ પરના ડોક્ટરે મરણ ગયેલ હોવાનું જાહેર કર્યું હતું. જે બનાવ અંગેની વધુ તપાસ ચીખલી પોલીસના પીએસઆઇ એચ.એસ. પટેલ કરી રહ્યા છે.

## શામગહાન માલેગામ ઘાટમાર્ગમાં કન્ટેનર અને ટ્રક સામસામે ભટકાતા અકસ્માત



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા,તા.૨૨:** મહારાષ્ટ્રનાં નાસિક તરફથી ડુંગળીનો જથ્થો ભરી રાજકોટ જઈ રહેલ ટાટા ટ્રક.નં.કેએ-૨૮-એએ-૩૭૦૪ અને અમદાવાદ તરફથી માલસામાનનો જથ્થો ભરી પુણે તરફ જઈ રહેલ કન્ટેનર જે બન્ને સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા-માલેગામ ઘાટમાર્ગનાં વળાંકમાં સામસામે ભટકાતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવમાં કન્ટેનરનાં બોનેટનો ખુરદો બોલાઈ જવા પામ્યો હતો. જ્યારે ડુંગળીનો જથ્થો ભરેલ ટાટા ટ્રક ધડાકાભેર પલ્ટી મારી જતા ડુંગળીનો જથ્થો વેરવિખેર થઈ જવાની સાથે જંગી નુકસાન થયુ હતુ. સાપુતારા-માલેગામ ઘાટમાર્ગમાં અકસ્માતનાં પગલે થોડા સમય માટે માર્ગ બ્લોક થઈ જતા ટ્રાફિક જામની સ્થિતિ વણસી હતી. અને વાહનોની કલાકો સુધી કતારો જામી હતી. જોકે આ બનાવ અંગેની જાણ સાપુતારા પી.આઈ.આર. એસ. પટેલની ટીમને થતા તેઓ તુરંત જ ઘટના સ્થળે ધસી ગયા હતા. અને સ્થળ પર પરિસ્થિતિને કાબુમાં લેતા એક સાઈડનો માર્ગ ખુલ્લો કરી માર્ગ પૂર્વરત કર્યો હતો. આ અકસ્માતનાં બનાવમાં ચાલક અને ક્લીનરને શરીરનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલીક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની શામગહાન સી.એચ.સી ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. હાલમાં આ બનાવ સંદર્ભે સાપુતારા પોલીસની ટીમે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગોકુલવિહાર સાનિધ્ય પરિવારમાં

## વાપીમાં શ્રાધ્ધપર્વ નિમિત્તે બ્રહ્મકુમારીઝ દ્વારા સર્વપિતૃઓને શ્રધ્ધાંજલિ અપાઈ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી,તા.૨૨:** ''હાલ શ્રદ્ધાપક્ષ ચાલી રહ્યો છે. ત્યારે આપણે સૌ ભેગા થઈ આપણા પોતાના આત્મીયજનો તેમજ આપણા જાણીતા- અજાણ્યા સૌના આત્માની શાંતિ માટે સમુહમાં પ્રાર્થના કરી તેમને શ્રદ્ધાંજલિ આપીએ''. ઉપરોક્ત શબ્દો વાપી બ્રહ્માકુમારી સેન્ટરના રશ્મિબેને વાપી ગોકુલવિહાર સોસાયટીમાં રખાયેલ સાંનિધ્ય પરિવાર દ્વારા આયોજીત એક ભાવપૂર્વક શ્રદ્ધજંલિ કાર્યક્રમમાં હાજર રહી ઉચ્ચાર્યા હતા.

તાજેતરમાં શનિવારે વાપીની પ્રતિષ્ઠિત ગોકુલ વિહાર ટાઉનશીપમાં સાનિધ્ય પરીવાર દ્વારા શ્રાદ્ધપક્ષ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપી બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય સેન્ટરના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી રશ્મિબેન અને બ્રહ્મકુમાર તરૂણભાઇ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સાનિધ્ય પરિવાર તેમજ ગોકુલવિહાર ટાઉનશીપમાં રહીશોની ઉપસ્થિતિમાં શ્રદ્ધપક્ષ સાથે માનવજીવન યાત્રાની વિશેષતાઓ સમજાવી હતી. બ્રહ્મકુમાર તરૂલભાઈએ સુંદર કવિતા રજૂ કરી જીવન મૂલ્યો સમજાવ્યા હતા. બ્રહ્માકુમારી રશ્મિબેને પોતાના પ્રવચનમાં પોતાનો અહં છોડી ક્ષમા યાચનાનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જીવનસફરના સંદર્ભમાં પણ માર્મિક રીતે જણાવ્યું હતું કે, જેમ મુસાફરીમાં આપણને સારો સંગાથ મળે તો એને આપણે યાદ રાખીએ અને સ્ટેશન આવતા ઉતરી જઈએ એમ જીવનમાં મળતાં સાથને સમજવો જોઈએ. આ દુનિયામાં કોઈ અમર નથી. આ કાર્યક્રમમાં સાનિધ્ય પરીવારના સભ્યો તેમજ વાપીના જાણીતા આયુર્વેદ તબીબ ડો. મીનાક્ષીબેન શેઠ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મંજુલાબેન ઉકાણીએ કર્યુ હતું. અને આભારવિધિ અંબાલાલભાઈ પટેલે કરી હતી. અંતમાં સૌ પ્રસાદ લઈ છુટા પડયા હતા.

### વાપી પાલિકાના વોર્ડ નં.૭ના સભ્યો દિલીપ યાદવ દ્વારા

## મોદીના જન્મ દિને વાપીમાં ઘરવિહોણા પરિવારને પાકું ઘર બનાવવા ખાતમુહૂર્ત



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૨:** વાપીમાં રહેતા અને ઘરવિહોણા ૭૫ વર્ષના વૃદ્ધાને વાપી નગરપાલિકાના વોર્ડ નંબર સાતના ભાજપના સભ્ય દિલીપભાઈ યાદવ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે દર વર્ષે ઘર વિહોણા પરિવારને પોતાના સ્વખર્ચે નવું આવાસ બનાવી આપવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે પણ તેઓએ વોર્ડ નંબર સાતમાં રહેતા મણીબેન નાનુભાઈ હળપતિને ઘર બનાવી આપવા માટેનું ખાતમૂર્હુત નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરાયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ વાપી નગરપાલિકાના વોર્ડ નંબર સાતના સભ્ય અને છેલ્લા ત્રણ આ વોર્ડનું પ્રતિનિધિત્વ કરી રહેલા એવા યુવાન દિલીપભાઈ આર. યાદવ દ્વારા છેલ્લા છ વર્ષથી તેઓ દર વર્ષે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે તેમના વોર્ડમાં રહેતા ઘરવિહોણા પરિવાર હોય તેઓને સરકારની આવાસની સુવિધા પણ ન મળતી હોય તેવા પરિવારને પોતાના સ્વખર્ચે નવું મકાન બનાવી આપવામાં આવે છે જે અંતર્ગત આ વર્ષે તેઓએ વોર્ડ નંબર સાતના જે-ટાઈપ રોડ પર રહેતા ખૂબ જ ગરીબ અને પડી જાય તેવું કાચું ઘર ધરાવતા મણીબેન નાનુભાઈ હળપતિ કે જેમના પરિવારમાં કોઈ પુરુષ સભ્ય ન હોય અને આ મહિલાને ઘર બનાવી શકે તેવી કોઈ પરિસ્થિતિ નહીં દેખાતા તેઓને વોર્ડ નંબર સાતના ભાજપના સભ્યો દિલીપભાઈ યાદવ દ્વારા નવું ઘર બનાવી આપવા માટે તા.૨૧-૯-૨૦૨૪ને શનિવારના રોજ ગુજરાત રાજ્યના નાણાં-ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના હસ્તે ખાતમૂર્હુત કરાવી નવું ઘર બનાવી આપવા માટે પહેલ કરી છે. અગાઉ પણ વોર્ડ નંબર સાતમાં પાંચ જેટલા પરિવારને તેમજ એક ખડકલા આરી ફળિયા ખાતે મળી કુલ છ જેટલા આવાસો પોતાના સ્વખર્ચે બનાવી આપવામાં આવ્યા છે અને જેવો ઘરવિહોણા પરિવારને પાકું આવાસ બનાવી આપે છે. આ પ્રસંગે મંત્રી કનુભાઈએ જણાવ્યું હતું કે દિલીપ યાદવની આ પહેલ ખુબજ સરસ છે અને તેમને જોઈ અન્ય પાલિકાના સભ્યો કે ઉદ્યોગપતિ કે વેપારીઓ કે સામાજીક કાર્યકર્તા આગળ અને આવાસ ગરીબોને બનાવી આપે તે મહત્વનું છે. આ પ્રસંગે તેમની સાથે વાપી શહેર ભાજપના પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ મનોજભાઈ પટેલ, સભ્ય મિતેશભાઈ દેસાઈ, મુકુંદાબેન પટેલ, ધર્મેશભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, ચેતનભાઈ કહાર, મનીષભાઈ દેસાઈ, ભાવેશ પટેલ, અજીતભાઈ મહેતા, પ્રવીણભાઈ પાટીલ તેમજ અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ગણદેવીનાં સાલેજનાં મૃતકનાં પરીવારને ધારાસભ્યનાં હસ્તે રૂા.૪ લાખનો સહાય ચેક વિતરણ કરાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૨૨:** ગણદેવી તાલુકાનાં સાલેજ ગામે સડક ફળીયામાં બળવંત બચુભાઈ પટેલ (૩૫) સાલેજ કોલવા રોડ ઉપર ગત તા.૨૮/૮/૨૪ રવિવારે ૬:૩૦ કલાકે પગ લપસતા પુરનાં પાણીમાં ગરક થયા હતા. જેમનો મૃતદેહ મંગળવાર સવારે કોતરમાંથી મળી આવ્યો હતો. દરમ્યાન ગણદેવી તાલુકા પંચાયતે માનવ મૃત્યુ સહાય યોજના અંતર્ગત કુદરતી હોનારતમાં મૃત્યુને પગલે રૂા.૪ લાખ સહાય મંજુર કરી હતી. નવસારી ધારાસભ્ય રાકેશ દેસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંત શાહ, ઉપપ્રમુખ નીતા દેસાઈ, વિનોદ પટેલ, શાંતિલાલ પટેલ, શૈલેષ હળપતિ, ભુપેન્દ્ર પટેલ સહિત અગ્રણીઓએ રવિવારે મૃતકનાં પરીવારનાં હંસાબેન હળપતિને રૂ.૪ લાખનો ચેક વિતરણ કર્યો હતો. શ્રમજીવી પરીવારને રાહત પહોંચી હતી.

યોગીકૃપા ક્લિનિક - રાહતદરે સારવારનું જાહેરનામું

વાપીના સૌથી જૂના અને જાણીતા - સિનિયર મોસ્ટ લેડી ડોક્ટર - ડો. અંજનાબેન (MBBS, MRSH, London)
નિયમિત રૂપે ગોકુળવિહારમાં મળશે.
સૌને રાહતદરે સારવારનો લાભ લેવા આમંત્રણ.

સમય : સવારે ૧૦ થી ૧ – સાંજે ૫.૩૦ થી ૭.૩૦
(રવિવાર અને જાહેર રજાના દિવસે બંધ)
મો. નં. : 9228163737

સ્થળ : A41, ગોકુળવિહાર સોસાયટી, ને. હા. ૮, GIDC

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**